## વિધાનસભાનાં વિપક્ષી નેતા અમિત ચાવડા રોષે ભરાયા

# ગુજરાતનાં યુવાનોને હાથમાં હથકડી અને પગમાં બેડીઓ પહેરાવાતા રોષ

**અમેરિકાએ ડિપોર્ટ કરેલ ગુજરાતી સાથે જે વર્તન કરેલ છે જે સમગ્ર ગુજરાતીઓનું અપમાન છે**

**અમેરિકાની ટ્રમ્પ સરકાર ભારતીયો પર અન્યાય કરે છતાં ભાજપ સરકારનું મૌન**

**રાજ્ય અને દેશમાં રોજગારનો અભાવ હોવાથી હજારો યુવાનો અમેરિકા જવા મજબૂર બને છે**

**વિધાનસભા પરિસર ખાતે હાથમાં હથકડી પહેરીને વિપક્ષોએ વિરોધ પ્રદર્શન કર્યુ**

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભાનાં વિપક્ષનેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી વિગુરૂ બનવાના જે બણગા ફૂંકે છે એની સામે ગુજરાત અને દેશનો યુવાન જેને રોજગારી નથી મળતી, દેશમાં એનું ભવિષ્ય સુરક્ષિત નથી દેખાતું, એના સ્વપ્ન જે આ દેશમાં પુરા નહિ થાય એવા ડર સાથે ૭૫ લાખથી ૧ કરોડ રૂપિયા સુધીની રકમો આપીને ગેરકાયદેસર રીતે વિદેશની ધરતી પર જાય છે.

દેશના અને એમાં પણ વધુ ગુજરાતના યુવાઓ જે રીતે પોતાના સ્વપ્નો માટે અમેરિકા ગયા અને અમેરિકાની સરકારે ગેરકાયદેસર રીતે આવ્યા છે, રોકાયા છે એવી રીતે એમની ધરપકડ કરી, જાણે આતંકવાદી હોય તેવું તેમની સાથે વર્તન કરવામાં આવ્યું અને એથી પણ ખરાબ અને સૌના માટે શરમજનક બાબત છે કે આતંકવાદીઓની જેમ એમના હાથમાં અને પગમાં હાથકડી અને બેડીઓ પહેરાવી, આર્મીના પ્લેનમાં જયાં ભોજનની વ્યવસ્થા ન હોય, સેનિટેશન માટેની વ્યવસ્થા ન હોય એવી રીતે એમને ભારતની ધરતી પર મોકલ્યા. બીજી બાજુ કોલંબિયાના પ્રમુખે પોતાના દેશના લોકો જે ભલે ગેરકાયદેસર રીતે ગયા હતા પણ સ્વમાન સાથે પાછા લાવવાની વ્યવસ્થા કરી. પણ જે નરેન્દ્રભાઈ મોદી પોતાને ટ્રમ્પના સારા મિત્ર ગણાવે છે, હાઉડી મોદી અને નમસ્તે ટ્રમ્પ જેવા કાર્યક્રમો કરી પ્રજાના ટેક્ષના પૈસા બરબાદ કર્યા હતા એ વડાપ્રધાન જયારે અમેરિકા ગયા, ટ્રમ્પને ફરી ગળે મળ્યા, પણ ભારતીયોના અપમાન બાબતે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી.

વધુમાં જણાવ્યું કે, જયારે દેશનો યુવાન પોતાના સ્વપ્ન અહીં પુરા થતા ન હોવાથી, રોજગાર ન મળવાથી ગેરકાયદેસર રીતે લાખો રૂપિયા આપીને અમેરિકા ગયા પણ તેમની સાથે જે વર્તન થયું, જે રીતે એમને ડીપોર્ટ કરવામાં આવ્યા એ ગેરકાયદેસર રીતે ગયેલા લોકોનું અપમાન નથી પણ સમગ્ર ભારત દેશનું અપમાન છે. આ ગુજરાતની ધરતી પરથી પણ અનેક લોકો આજે વિદેશમાં છે એમના પણ ભવિષ્ય માટે ખુબ ચિંતા




એમના પરિવારો કરી રહ્યા છે તેમ છતાં ગુજરાતના મુખ્યમંત્રી પણ એક શબ્દ ઉચ્ચારવા તૈયાર નથી, દેશના વડાપ્રધાન કે ગુજરાતી છે એ પણ અમેરિકા જવા છતાં એક શબ્દ ઉચ્ચારવા તૈયાર નથી એ એમની નબળાઈ બતાવે છે. આખો ભારત દેશ એમની આ નબળાઈને કારણે આજે શરમજનક સ્થિતિમાં છે. અમેરિકા દ્વારા, ટ્રમ્પ સરકાર દ્વારા જે રીતે હથકડીઓ પહેરાવી અપમાન કર્યું છે એનો જવાબ હિન્દુસ્તાનની જનતા, ગુજરાતની જનતા રાજય અને કેન્દ્ર સરકાર પાસે માંગી રહી છે. તેમ અંતમાં જણાવેલ છે.

---

## લોર–હેમાળમાં સ્ટોન ક્રશર ચલાવતા

# ઉનામાં રહેતા વેપારીએ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં અરજી કરતાં તેમની ઉપર હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૯

ઉના ગામે આવેલ એમ.કે. પાર્ક સોસાયટીમાં આવેલ નવી મામલતદાર ઓફિસની બાજુમાં રહેતા રાજેશભાઈ નાનુભાઈ માંગરોળીયા નામના ૩૫ વર્ષિય વેપારી લોર–હેમાળ ગામ સીમ વિસ્તારમાં મહેશ્વરી સ્ટોન ક્રશર નામનો ભરડીયો ચલાવતા હોય અને આજથી આશરે પંદરેક દિવસ પહેલા તેના મહેશ્વરી સ્ટોન ક્રશર ભરડીયામાંથી કપ્ચી તથા ડીઝલની ચોરી થતી હોવાનું વેપારીને ધ્યાનમાં આવતા તેમણે નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ કે ડ્રાઈવરો અને અમુક માણસો ગાડીઓમાંથી અને ભરડીયામાં કપ્ચી અને ડીઝલ કાઢતા હોય તેવો તેમને શક છે અને શકદાર તરીકે જાફરાબાદ તાલુકાના એભલવડ ગામે રહેતા આરોપી અનિલભાઈ કુરજીભાઈ ચાવડાનું નામ આપેલ હોય. જે વાતનું મનદુઃખ રાખી ગત તા. ૧૫ નાં રોજ ૧૦:૩૦ થી ૧૧ વાગ્યા દરમ્યાન જાફરાબાદ તાલુકાના એભલવડ ગામે રહેતા કુરજીભાઈ સવાભાઈ ચાવડા નામના આરોપીઓએ વેપારીના મહેશ્વરી સ્ટોન ક્રશર નામના ભરડીયામાં ગેરકાયદે પ્રવેશ કરી વેપારીને આરોપીએ કહેલ કે તે મારા છોકરા અનિલભાઈનું નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ડીઝલ અને કપ્ચી ચોરીમાં નામ કેમ આપેલ છે ? હવે તો તારો ભરડીયો બંધ કરાવી દેવો છે. તેમ કહી વેપારીને ગાળો આપી લોખંડની પાઈપથી માર મારી ડાબા હાથે કાંડાનાં ભાગે ફેકચર કરી શરીરે મુંઢ ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

## અમરેલી : લોક સાહિત્ય સેતુની બેઠક સંપન્ન





અમરેલી, તા. ૧૯

પ.પૂ.મોરારીબાપુના રૂડા આશીર્વાદ અને ડો.પ્રતાપભાઈ પંડ્યાના સવાઈ સુપુત્રી આદરણીય મનિષાબેન પંડયાના આર્થિક સૌજન્યથી અમરેલીના હનુમાનપરા રોડ ઉપર આવેલ તાત્કાલિક હનુમાન મંદિરના વિશાળ પરિસરમા યોજવામા આદરણીય ગીતાબેન ગીડાના અપ્રયક્ષ સ્થાને યોજાયેલ પ્રારંભમા લોકસાહિત્ય સેતુપરિવારના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ વિશાળ સંખ્યામા ઉપસ્થિત ભાવકશ્રીઓ નુ દુહાથી આવકાર આપેલ. તાજેતરમા યોજાયેલ જિલ્લાકક્ષાના સંગીત મહાકુંભ સ્પર્ધામા સુગમ ગીત સ્પર્ધામા અનમોલ પરમાર, દુહા છંદમા દિવ્યાર્થ પરમાર, લગ્નગીતમા કુ. રિયાબેન વાઘેલાએ, લોકવાર્તામા જયરાજ વામજાએ, શાસ્ત્રીય તબલામા વત્સલ પંચોળીએ, સમૂહ ધુન ઓર્ગન ઉપર મીત સોલંકીએ પ્રથમ સ્થાન મેળવેલીની શાનદાર રજૂઆત કરી સહુને મોજ કરાવી. કલાકાર રમેશભાઈ જાદવે લોકસાહિત્ય ની વાતો દુહા છંદ પહાડી રાગથી ગાઈ સમજાવી જમાવટ કરી. આજની બેઠકમા સર્વશ્રી રમેશભાઈ જાદવ, (પ્રમુખ અમરેલી જિ. વિશ્વ હિન્દુ પરિષદ )ઈતેશભાઈ મહેતાએ, સીનીયર સિટીઝનના પ્રમુખ આદરણીય રવજીભાઈ કાચા, હસુભાઈ જોષી (ખજાનચી લોકસાહિત્ય સેતુ) ગોવિંદભાઈ ગોંડલીયા (ઉપપ્રમુખ) લવજીભાઈ ચાવડા, રસીલાબેન, સમેત વિશાલ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. રેખાબેન પંડ્યાની નાદુરસ્ત તબિયત માથી તંદુરસ્તિ પુનઃ પ્રાપ્ત થાય તેવી શ્રદ્ધા સાથે હનુમાનજી મહારાજને સામગ્રી ધરી પ્રસાદ ગ્રહણ કર્યો. આભારદર્શન લોકસાહિત્ય સેતુપરિવારના મંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમા કર્યુ.

---

## સદ્‌નસીબે મોટી જાનહાની ટળી

# બાબરાનાં જીવન પરા વિસ્તારમાં પીજીવીસીએલનું ટીસી સળગી ઉઠયુ

**પાલિકાની ફાયર ટીમે આગ પર કાબુ મેળવ્યો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરામાં આજે વહેલી સવારે અહીં જીવનપરા વિસ્તારમાં નિલવળા રોડ સામે આવેલ પીજીવીસીએલના ટીસીમાં કોઈ કારણોસર આગ લાગતા સ્થાનિક લોકોએ નગરપાલિકાના ફાયરને જાણ કરતા પાલિકાના ફાયર ટીમમાં ભોલીભાઈ સહિત ઘટનાસ્થળે પહોંચી જતા તાત્કાલિક અસરથી આગને કાબુમાં લેવામાં આવી હતી આગ જો વધુ પ્રસરી હોઈ તો વીજ વાયરને મોટું નુકસાન તેમજ એક મોટી દુર્ઘટના સર્જાય હોય પણ નગરપાલિકાનું ફાયર સમયસર આવી જતા સમય મર્યાદા આગને કાબુમાં લેવામાં આવતા સ્થાનિક લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

---

## સામાજિક કાર્યકરે કલેકટરને પત્ર પાઠવ્યો

# લીલીયા મોટા ખાતે આવેલ વીર મેઘમાયા છાત્રાલય પુનઃ શરૂ કરવા રજુઆત

**અનુ.જાતી સમાજનાં બાળકોનાં હિતમાં માંગ**



લીલીયા મોટા, તા. ૧૯

લીલીયા મોટાના પુંજાપાદર રોડ પર શ્યામ વાડી સામે વર્ષો પહેલા ચાલતી અને હાલ બંધ જર્જરીત હાલતમાં વીર મેઘમાયા છાત્રાલય ચાલુ કરવા તથા નવું બાંધકામ કરવા બાબત લીલીયાના સામાજિક આગેવાન એડવોકેટ શ્રવણ (સંજય)એલ. બગડા દ્વારા કલેકટરને પત્ર પાઠવાયો જે પત્રમાં જણાવેલ કે આજથી ૨૦ વર્ષ પહેલા લીલીયામાં છાત્રાલય ચાલુ હતી ત્યારે લીલીયામાં સ્કૂલ કોલેજ વગેરે ન હતી અને આજે લીલીયામાં સરકારી કોલેજ, આઈ.ટી.આઈ, સ્કૂલો વગેરે છે દૂર દૂરથી દીકરા દીકરીઓ અનુજાતિ સમાજના આવે છે અપડાઉનમાં ઘણો સમય પસાર થઈ જાય છે તો હાલમાં વીર મેઘમાયા છાત્રાલય ચાલુ થાય તો અમારા અનુજાતી સમાજના બાળકોને ઘણો લાભ થાય અને શિક્ષણમાં પણ વિદ્યાર્થીઓને લાભ થઈ શકે તેમ છે વીર મેઘમાયા છાત્રાલય હાલમાં બાંધકામ ખભ્ભળી ગયું છે જગ્યા પણ વિશાળ છે માટે ત્યાં બાંધકામ કરવામાં આવે અને નવી છાત્રાલય બનાવવામાં આવે તો અમારા અનુજાતિ સમાજના બાળકોને લાભ થશે માટે આ અરજને ધ્યાને લઈ તપાસ કરી કરાવી તાત્કાલિક લીલીયા મુકામે છાત્રાલય ચાલુ થાય તેવી નમ્ર અરજ સામાજિક આગેવાન અને એડવોકેટ શ્રવણ (સંજય) એલ. બગડા દ્વારા કલેકટરને પત્ર પાઠવી કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

## અજાણ્યા નંબર પરથી કોલ કરીને

# અમરેલીની એક મહિલા સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી ૧૮ હજાર રૂપિયા ઉપાડી લીધા

**સાયબર ક્રાઈમ પોલીસે ફ્રોડથી બચવા સાવધાન રહેવા જણાવ્યું**

અમરેલી, તા. ૧૯

અમરેલીમાં રહેતી એક મહિલાને તેમના મોબાઈલ ફોનમાં કોઈ અજાણ્યા નંબર પરથી કોલ આવેલ અને તેમણે કહેલ કે હું તમારા પતિનો મિત્ર બોલુ છું અને તમારા પતિએ મને તમારા ખાતામાં રૂપિયા ૧૨,૦૦૦ ટ્રાન્સફર કરવાનું કહેલ છે. તેમ કહીને અજાણ્યા ઈસમે પોતાના પ્રાઈવેટ નંબર પરથી પૈસા ક્રેડીટ થયા અંગેનો ટેકસ્ટ મેસેજ મોકલેલ હતો. ત્યાર બાદ થોડા સમય પછી આ સામેવાળા અજાણ્યા ઈસમે ભુલથી વધારે પૈસા ટ્રાન્સફર થઈ ગયા હોવાનુ જણાવી આ અમરેલીની મહિલાને અજાણ્યા ઈસમે પૈસા પરત કરવાનું કહેતા મહિલાએ પોતાના એકાઉન્ટમાં વેરીફાય કર્યા વગર પ્રાઈવેટ નંબર પરથી પૈસા ક્રેડીટ થયા અંગેનો ટેકસ્ટ મેસેજ સાચો માની લઈ તેમના એકાઉન્ટમાંથી રૂપિયા ૧૮,૦૦૦ ટ્રાન્સફર કરેલ.

આમ આવી રીતે અમરેલીના મહિલા, મોબાઈલમાં બેંકના નામે પ્રાઈવેટ નંબર પરથી પૈસા ક્રેડીટ થયા અંગેનો આવેલ ટેકસ્ટ મેસેજ સાચો માનતા રૂા. ૧૮,૦૦૦ ગુમાવી સાયબર ક્રાઈમ ફ્રોડનો ભોગ બનેલ હતા. તો આવા ફ્રોડથી બચવા માટે સાવધાન રહેવા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સુચના આપવામાં આવેલ છે.

---

## કોંગી ઉમેદવારો પરાજિત

# દામનગર પાલિકાની બંને બેઠકો પર ભાજપને સફળતા

**ભાજપનાં કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ**





દામનગર, તા. ૧૯

દામનગર શહેરની બે વોર્ડના એક એક ઉમેદવારોની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની જીત થયેલ છે. નંબર ૨માં સામાન્ય પુરૂષની બેઠક ઉપર અડધી રાતનો હોંકારો ગણાતા સ્વચ્છ છબી જયતિભાઈ બી નારોલાનો પ્રતિસ્પર્ધી કોંગ્રેસ પક્ષના અસલમ મોગલ સામે ૬૭ મતની લીડથી વિજય થયો હતો જયારે વોર્ડ નંબર ત્રણમાં સામાન્ય સ્ત્રીની બેઠક ઉપર હંસાબેન અરવિંદભાઈ ચાંદપરાનો કોંગ્રેસના પ્રતિસ્પર્ધી ઉમેદવાર રિદ્ધિબેન મનીષભાઈ ગાંધી સામે ૯૯ મતથી ભવ્ય વિજય થયો હતો દામનગર શહેરની છ વોર્ડની 'ડ' વર્ગ ધરાવતી નગરપાલિકામાં બે વોર્ડની એક એક બેઠકની પેટા ચૂંટણીમાં બંને ભારતીય જનતા પાર્ટીના સેવા ભાવિ સ્વચ્છ છબી ધરાવતા ઉમેદવારોનો ભવ્ય વિજય થતા ભવ્ય આતિષબાજી સાથે ખૂબ મોટી સંખ્યામાં શુભેચ્છા પાઠવવા લોકો ઉપસ્થિત રહ્યા હતા ગત સામાન્ય ચૂંટણીમાં ૨૪માંથી ૨૨ બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટી અને બે ઉપર વિપક્ષ કોંગ્રેસ જીતી હતી પૂર્વવત રીતે પેટા ચૂંટણીમાં પુનઃ ૨૨ બેઠકો જાળવી રાખતી ભારતીય જનતા પાર્ટીએ પેટા ચૂંટણીમાં ગુમાવેલ બેઠક પરત મેળવવામાં ભાજપ સફળ રહ્યું હતું.

---

## નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆતથી

# અરે વાહ : અમરેલીનાં ચાડિયા, સણોસરા, થોરડી, ગોખરવાળા અને રાંઢિયામાં નવા પંચાયત ઘર બનશે

**રૂપિયા ૧.૫ કરોડની રકમ સરકારે મંજૂર કરી**

અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકાના માલવણ, ચાડિયા, સણોસરા– થોરડી, નાના ગોખરવાળા અને રાંઢીયા વગેરે ગામોમાં ગ્રામ પંચાયતમાં ભવનો ખૂબ જ જૂના અને જર્જરિત થઈ ગયા હોય, નવા બનાવવા ખૂબ જ જરૂરી હતું. ૨૫ – ૩૦ વર્ષ પહેલાં બનેલા આ ભવનો નવા બનાવવાની જરૂરિયાત હોય,



ધારાસભ્ય કૌશિક વેકરિયાએ રજૂઆત કરતા ઉકત દરેક ગામમાં નવા પંચાયત ભવન બનાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. જે મુજબ દરેક ગામમાં ૨૫ લાખ રૂપિયાના ખર્ચે નવા પંચાયત ભવન બનશે. આમ કુલ ૧.૫ કરોડના ખર્ચે ઉકત ગામોમાં નવા પંચાયત ઘરો બનવાની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરાશે.

---

## ભાઈએ ભાઈને મૃત જાહેર કરવાનું સાહસ કર્યુ

# લ્યો બોલો : બગસરામાં જમીન પચાવી પાડવા ખેડૂતને મૃતક બનાવવાનું ષડયંત્ર

**જાહેર નોટિસ પ્રસિધ્ધ ખેડૂત સામે આવ્યા**

બગસરા, તા.૧૯

બગસરા શહેરમાં જમીન પચાવી પાડવા માટે પોતાનાં જ ભાઈને મૃત બતાવવાનું ષડયંત્ર ઉભું કરાય હતું પરંતુ અખબારમાં નોટિસ પ્રસિધ્ધ થતા જ મૃતક સદેહે હાજર થતા મામલતદાર આશ્વર્યમાં મુકાયા હતા. ખોટું સોગંદનામું કરનાર વ્યકિત સામે કડક પગલા લઈ દાખલો બેસાડવાને બદલે માફી પત્રો લખવાવામાં આવી આવવાનું લોકોમાં ચર્ચાય રહયું છે.

મળેલ વિગતો મુજબ બગસરાના ગોકુળપરા વિસ્તારમાં રહેતા એક ખેડૂત દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી અમદાવાદ રહેતા તેના ભાઈને મૃતક બતાવી પિતૃક જમીન સહિતની સંપતિ પોતાનાં નામે કરાવી લેવાનું ષડયંત્ર ઉભું કર્યુ હતું. જેમાં તેની સાથે ખોટું સોગંદનામુ અને આગળની કાર્યવાહી કરવા માટે એક નોટરી પણ જોડાઈ ગયા હતા. સમગ્ર પ્રકરણ બગસરા મામલતદાર કચેરીમાં ચાલી રહયું હતું. જેમાં છેલ્લે મૃતકના નામની આખરી અખબારી નોટિસ પ્રસિદ્ધ કરવામાં પણ આવી ગઈ હતી. આ નોટિસની અમદાવદ રહેલા મુળ વ્યકિતને જાણ થતા તેઓ સીધા મામલતદાર સમક્ષ ઉભા રહી ગયા હતા. અને શા માટે મને મૃતક જાહેર કરો છો તેવો પ્રશ્ન પુછતા મામલતદાર ઉભા થઈ ગયા હતા. તેમજ તાત્કાલિક અરજદાર અને તેના વકીલ વિરોધ નોટિસ કાઢી હતી. પરંતુ બંન્ને વિરૂધ્ધ કાર્યવાહી કરવાના બદલે માફી પત્ર લખાવી સમગ્ર પ્રકરણ પર ઠંડુ પાણી રેડી દેવામાં આવ્યું હતું. પરંતુ આ બાબત લોકોમાં પ્રસરી જતા લોકોમાં પણ આશ્વર્ય સાથે ચર્ચાનો મુદો બન્યો છે.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ દ્વારા

# અમરેલીમાં આજે એકલવ્ય રમતોત્સવ યોજાશે

**સાંસદ, પૂર્વ સાંસદ સહિતનાં રાજકીય આગેવાન અને ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે**

**૧૨૦૦ જેટલા બાળકો અને ૧૧૨ શિક્ષકો પણ ભાગ લેશે**

**શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોને પ્રોત્સાહક ઈનામ પણ અર્પણ કરાશે**

**શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષીની આગેવાનીમાં તડામાર તૈયારીઓ કરવામાં આવી**



અમરેલી, તા. ૧૯

અમરેલીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ''ખેલો ઈનિડયા''ના વિચારને સાર્થક કરવાનાં પ્રયાસરૂપે સતત ત્રીજા વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત તા. ૨૦/૨/૨૫નાં રોજ અમરેલી ખાતે ''એકલવ્ય રમતોત્સવ (૩.૦)–૨૦૨૫'' યોજાશે. અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન સ્વરૂપે એકલવ્ય રમતોત્સવ (૩.૦)–૨૦૨૫નું આયોજન થઈ રહ્યું છે. જેમાં શાળા લેવલે વિજેતા થનાર ૧૨૦૦ જેટલા બાળકો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ લેવલે ભાગ લેશે. તેમાંથી અંદાજિત ૫૦૦ જેટલા બાળકો વિજેતા થશે સાથે સાથે ૧૧૨ જેટલા શિક્ષકો પણ રમત–ગમત સ્પર્ધામાં ભાગ લેશે. આ રમતોત્સવમાં બાળકોને પ્રોત્સાહિત કરવા આ ખેલ મહોત્સવનું આયોજન કરેલ છે અને વિદ્યાર્થીઓમાં પડેલી શકિતઓને ઉજાગર કરવા અને વિદ્યાર્થીનું ભવિષ્ય ઉજવળ બને તે માટે મહાનુભાવોની ઉપસ્થિતિમાં જેમાં વિદ્યાર્થીઓ માર્ચપાસ્ટ કરશે, વિવિધ રમતોની સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને સમાપન સમારોહના કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો, દાતાઓ ધ્વારા ઈનામો, મેડલ, સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

ભરતભાઈ સુતરીયા, નારણભાઈ કાછડીયા, બિપિનભાઈ લિંબાણી, રાજુભાઈ કાબરીયા, હિરેનભાઈ હિરપરા, ડો. ભરતભાઈ કાનાબાબર, પી.પી. સોજીત્રા, મુકેશભાઈ સંઘાણી, ભાવેશભાઈ સોઢા, બિનાબેન કાલેણા, મનિષભાઈ ધરજીયા, શૈલેષભાઈ સંઘાણી, દિલીપભાઈ વાળા, શીતલબેન ઠાકર સહિતના પદાધિકારીઓ સહિતનાની ઉપસ્થિતિમાં ઉદઘાટન સમારોહ યોજાશે.

તેમજ કલેકટર અજય દહીયા, ડીડીઓ પી.બી. પંડયા, એસપી સંજય ખરાત, પ્રાંત અધિકારી મહેશ નાકિયા, ચીફ ઓફિસર પ્રતિક કુંભાણી, ડીપીઈઓ કે.વી. મિયાણી, મામલતદાર જી.જી. બાવીશી, ભાવેશભાઈ આડતિયા, જીતભાઈ દેસાઈ અને દાતાઓની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજાશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, શાસનાધિકારી આશીષભાઈ જોષી, વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ, ટીમ શિક્ષણ સમિતિ, આચાર્યો, શિક્ષકો જહેમત ઉઠાવી રહ્યા છે. જે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીની યાદીમાં જણાવવામાં આવે છે.

## નાયબ દંડકનાં વિસ્તારમાં આવુ ના ચાલે

# હે રામ : વડિયામાં ફુલ ટાઈમ મામલતદારનાં અભાવે અરજદારોનાં રોજબરોજનાં કામોનો નિકાલ થતો નથી

**અધિકારીઓ અને કર્મચારીઓની ખાલી જગ્યા ભરવી જરૂરી**

વડિયા, તા. ૧૯

અમરેલી જિલ્લાનો છેવાડાનો તાલુકો વડિયા કુંકાવાવ તાલુકો છે તેની મોટાભાગની કચેરીઓ વડિયા મુકામે આવેલી છે. સમગ્ર તાલુકાનો જયાંથી મુખ્ય વહીવટ થાય છે તેવી મામલતદાર કચેરી હાલ છેલ્લા ઘણા સમયથી ચાર્જમાં ચાલી રહી છે. મામલતદાર સોલંકીની બદલી સમયે કાયમી મામલતદારનો અહીં હુકમ થયો હતો પરંતુ તે કોઈ કારણો સર અહીં હાજર ના થતા તંત્ર ચાર્જમાં ચાલતું હતુ ત્યાર બાદ સરકાર દ્વારા મામલતદારની બદલી ના હુકમ થયા તેમાં ચાર્જમાં ચાલતા વડિયા મામલતદારના તંત્રને કાયમી મામલતદાર ફાળવવામાં આવ્યા નહિ ત્યારે શું વડિયાની મામલતદાર ઓફિસના તંત્રને પાટે ચડાવવા કાયમી મામલતદાર મળશે કે નહિ ? આવા અનેક પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે. વડિયા મામલતદારનું ચાર્જમાં ચાલતું તંત્ર ફકત મામલતદાર પૂરતું સીમિત નથી રહ્યું પરંતુ આ કચેરીમાં કુલ ૧૦ નાયબ મામલતદારનો મહેકમ છે તેની જગ્યાએ ફકત ૫ નાયબ મામલતદારની પોસ્ટ ભરાયેલી છે તેમાં મહત્વની પુરવઠા, નાયબ મામલતદાર કુંકાવાવ અને બે સર્કલ ઓફિસરની જગ્યાઓ ખાલી છે. કલાર્કની કુલ ૯ જગ્યાઓના મહેકમ સામે ફકત ૩ કલાર્કની પોસ્ટ ભરાયેલી છે અને ૬ પોસ્ટ ખાલી છે. રેવન્યુ તાલાટીની કુલ ૯ જગ્યામાંથી ૪ જગ્યાઓ ખાલી હોવાથી વડિયા મામલતદાર ઓફિસનું મોટાભાગનું તંત્ર ચાર્જમાં ચાલતું જોવા મળી રહ્યું છે. આ બાબતે ઊંડાણ પૂર્વક તપાસ કરતા ઘણા કર્મચારીઓના મતે વડિયાએ સજાનું કેન્દ્ર છે અહીં કર્મચારીને રહેવા માટે સરકારી કવાટર્સની સુવિધાઓ હતી તે સુવિધાઓ હાલ ઉપાલબ્ધ નથી આ સિવાય વડિયા માં ભાડાથી સાઢ મકાન મેળવવું ખુબ મુશ્કેલ છે સાથે બાળકો માટે શિક્ષણ અને આરોગ્ય ની સુવીધાઓના અભાવ ને કારણે વડિયા સરકારી કર્મચારી માટે સજાનું કેન્દ્ર હોવાથી અહીં નિમણૂક પામેલા કર્મચારી રાજકીય વર્ગનો ઉપયોગ કરીને કા હાજર થતા નથી અન્યથા થોડા સમયમાં બદલી કરાવી જતા રહે છે. ત્યારે આ કારણો ને હિસાબે મામલતદાર ઓફિસ નુ મોટાભાગનું તંત્ર ચાર્જમાં ચાલતુ હોવાથી અંતે લોકોને જ હાલાકી ભોગવવાનો વારો આવે છે ત્યારે વડિયા મામલતદાર ઓફિસના ચાર્જમાં ચાલતા તંત્રને ચાર્જમાંથી બહાર લાવવા માટે જરૂરી છે વડિયામાં પાયાની સુવિધાઓ વિકસાવીને વડિયાને સજાના કેન્દ્રમાંથી મુકિત અને કાયમી કર્મચારીની નિમણૂક કરે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.


તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

# મંગળવારે યોજાશે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

અમરેલી, તા. ૧૯

આગામી તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ને બુધવારના રોજ મહાશિવરાત્રિની જાહેર રજા હોય તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમની તારીખમાં ફેરફાર છે. ફેબ્રુઆરી–૨૦૨૫નો તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ને મંગળવારના રોજ યોજાશે. આથી, સંબંધિત નાગરિકોને આ અંગે નોંધ લેવા અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટરએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

## રાષ્ટ્રીય બેન્કનું એકમાત્ર એટીએમ

# લ્યો બોલો : ખાંભામાં એસબીઆઈનું એટીએમ ટેકનીકલ કારણોસર બંધ થયુ

**બેન્ક મેનેજરે ઝડપથી એટીએમ શરૂ કરવા ખાત્રી આપી**

ખાંભા, તા. ૧૯

ખાંભા ખાતે એક માત્ર રાષ્ટ્રકૃત બેન્ક એસબીઆઈ આવેલ છે આ બેન્ક ખાંભાની ખાવા પીવા કામગીરી માટેનો સોર્સ છે જયારે આ એસબીઆઈ બેન્કનું એકમાત્ર એટીએમ બેન્કની બાજુમાં જ આવેલ છે પરંતુ આ એટીએમ હાલ પાંચથી આઠ દિવસથી બીમાર (બંધ )હાલત છે અને આ એટીએમની સારવાર (રીપેરીંગ) માટે ડોકટર (કારીગર) ક્યારે આવશે તે હજુ નક્કી જ નથી બીજા નંબરમાં એટીએમમાંથી બેન્ક સમયમાં ગ્રાહકોને સર્વર ચાલુ હોઈ તો રૂપિયા ઉપાડી શકે અન્યથા લોકોને કલાકો સુધી ઉભું રેહવું પડે જયારે બેન્ક કામકાજનો સમય પૂર્ણ થતા ગ્રાહકોને પૈસા ઉપાડવામાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે ખાંભા બેન્ક પરિસરની બહાર જ એટીએમ આવેલ છે જે છેલ્લા ૧૫ દિવસથી બંધ હાલતમાં છે જયારે આ એટીએમ ઉપર પેપર ચોંટાડી દેવામાં આવ્યું છે ત્યારે શું આ એટીએમ ચાલુ થશે કે નહિ અને તે આવનારો સમય જ બતાવશે.

જો કે બેંકનાં મેનેજરે જણાવ્યું છે કે, સોમવાર અથવા મંગળવારથી બંધ થયું છે અને એટીએમનું સ્પેરપાર્ટ ઊડી ગયેલ છે એટલે માટે ઉપર જાણ કરેલી છે અને મને ઉપરથી કીધું છે કાલે થઈ જશે તેવું બેંકમાં નજરે જણાવ્યું હતું.


તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા







**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**બાબરામાં... મકાન... મકાન... મકાન...**
બાબરા શહેરના સારા વિસ્તારમાં જસાણી શેરીમાં ત્રણ (3) મકાન તાત્કાલીક વેચવાના છે.
1 ૫૦૦ વારમાં મકાન કિંમત ૨૨ લાખ
૨ ૧૮૦ વારમાં મકાન કિંમત ૨૩ લાખ
3 ૧૧૦ વારમાં રોડટચ મકાન સાથે ૧ દુકાન કિંમત 30 લાખ
સંપર્ક : 93279 24622












### વિધાનસભામાં બોલ્યા મુખ્યમંત્રી યોગી

# સંગમનું જળ સ્નાન યોગ્ય, સપા-વિપક્ષના લોકોએ ખોટો પ્રચાર કર્યો

## મુખ્યમંત્રી યોગીએ સંગમનું જળ માત્ર ડૂબકી માટે જ નહીં પણ પીવા લાયક પણ હોવાનો દાવો કર્યો છે

લખનૌ, તા.૧૯

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહાકુંભમાં સંગમનું પાણી પીવા લાયક ન હોવાનો દાવો ફગાવ્યો છે. તેમણે સંગમનું જળ માત્ર ડૂબકી માટે જ નહીં પણ પીવા લાયક પણ હોવાનો દાવો કર્યો છે. તેમજ સીપીસીબીના રિપોર્ટને મહાકુંભને બદનામ કરવાનું વિપક્ષનું ષડયંત્ર ગણાવ્યું છે.

ગઈકાલે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ રિપોર્ટ સોંપતા જાહેરાત કરી હતી કે, 'સંગમનું પાણી સ્નાન માટે પણ યોગ્ય નથી. તેનું આચમન કરી શકાય નહીં. તેમાં ફેકલ કોલિફોર્મ બેક્ટેરિયાનું પ્રમાણ વધ્યું છે. જો કે, સીએમ યોગીએ આ રિપોર્ટને ખોટો ગણવતાં આજે જણાવ્યું હતું કે, 'સનાતન ધર્મ વિરૂદ્ધ ખોટા વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યા છે. તેમજ પાયાવિહોણા આરોપો પણ મૂકાઈ રહ્યા છે. મા ગંગા, મહાકુંભ એ કરોડો લોકોની આસ્થાનુ પ્રતિક છે. પ્રયાગરાજમા ચાલી રહેલા મહાકુંભના મેળામાં કરોડો લોકો આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે. સંગમનું જળ ડૂબકી માટે જ નહીં પણ પીવા લાયક છે. સપા અને વિપક્ષ આ મામલે ખોટો પ્રચાર કરી રહી છે.' સીએમ યોગીએ વિધાનસભામાં વિપક્ષને કહ્યું કે, 'ધ્યાન આપો, આ ઉર્દૂમાં નથી, આ શાયરી હિન્દીમાં છે. એમ પણ સપાના સંસ્કાર જ આ છે કે, તે સારી બાબતોનો વિરોધ કરે છે. બડા હસીન હે ઈનકી જુબાન કા જાદુ, લગા કે આગ બહારો કી બાત કરતે હૈ, જિન્હોને રાત કો ચુન ચુન કે બસ્તીઓ કો લૂંટા વહી અબ બહારો કી બાત કરતે હૈ.'

સીએમ યોદીએ સમાજવાદી પાર્ટીના સોશિયલ મીડિયા હેન્ડલની ભાષા અંગે આપત્તિ વ્યક્ત કરતાં કહ્યું કે, 'આ કોઈ સભ્ય સમાજની ભાષા નથી. સપાના નેતા અકબરનો કિલ્લો જાણે છે, પરંતુ અક્ષયવટ અને સરસ્વતી કૂપના મહત્ત્વથી અજાણ છે. આ તેમનું સામાન્ય જ્ઞાન છે મહાકુંભ અને પ્રયાગરાજ અંગે.. શું મહાકુંભને ભવ્ય બનાવવો અપરાધ છે. અમે સરકાર તરીકે નહીં, પણ સેવક તરીકે કામ કર્યું છે. આમ પણ કોઈપણ મહાન કાર્યને ત્રણ અવસ્થાઓમાંથી પસાર થવુ પડે છે - ઉપહાસ, વિરોધ અને સ્વીકૃતિ.

### ITનું સતત બીજા દિવસે સર્ચ ઓપરેશન ચાલુ

# ડોક્ટરો, ઉદ્યોગપતિઓ અને ભાજપ નેતાઓ સહિતની પેઢીઓ પર તવાઈ

## ૧૧ પેઢીનાં ૩૨ સ્થળ પર ૩૬ ટીમ મારફત તપાસ શરૂ કરવામાં આવી છે

ભાવનગર,તા.૧૯

આવકવેરા વિભાગે (IT) ભાવનગર શહેરમાં મોટું સર્ચ-ઓપરેશન હાથ ધર્યું છે. દિલ્હી IT વિભાગની આગેવાની હેઠળ અમદાવાદ, વડોદરા અને સુરત સહિતના ૫૦૦થી વધુ અધિકારીઓ આ કાર્યવાહીમાં જોડાયા છે. ૧૧ પેઢીનાં ૩૨ સ્થળ પર ૩૬ ટીમ મારફત તપાસ શરૂ કરવામાં આવી છે, જેમાં જાણીતા બિલ્ડરો, ડોક્ટરો, ઉદ્યોગપતિઓ અને નામાંકિત જ્વેલર્સને ત્યાં રેડ કરવામાં આવી છે. પેઢીઓ પાસેથી અનેક ખુલાસાઓ થવાની શક્યતા વર્તાઈ રહી છે.મળતી માહિતી અનુસાર, ભાવનગર શહેરના ભાજપના વરિષ્ઠ નેતા અને જાણીતા બિલ્ડર ગિરીશ શાહના નિવાસસ્થાન અને વ્યાવસાયિક સ્થળો પર પણ તપાસ ચાલી રહી છે. તેમની બિલ્ડકોન પેઢી અને આતભાઈ ચોક નજીકના બંગલા પર ચેકિંગ કરવામાં આવ્યું છે. ૧૮મી ફેબ્રુઆરીથી IT rવભાગનું મેગા ઓપરેશન હાથ ધરીને પેઢીઓમાં ફફળાટ ફેલાવ્યો છે. ભાવનગર શહેરમાં ઘણા લાંબા સમય બાદ ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ગઈકાલે ૧૮મી ફેબ્રુઆરીએ વહેલી સવારથી એક મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. દિલ્હી IT વિભાગની ટીમની આગેવાનીમાં અમદાવાદ, વડોદરા, સુરત સહિતની IT વિભાગના ૫૦૦થી વધુ કર્મચારીઓ છે, ભાવનગર શહેરની ૧૧ પેઢીની અંદર ૩૨ જગ્યા પર ૩૬ ટીમની અંદર ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. IT ના હાથ ધરાયેલ ઓપરેશન હેઠળ પેઢીઓમાં ફફળાટ ફેલાયો છે.ભાવનગર શહેર જિલ્લામાં ગઈકાલે આઈટી વિભાગ દ્વારા મેગા સર્ચ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

શહેરના જાણીતા બિલ્ડરો, ડોક્ટર, ઉદ્યોગપતિઓ અને નામાંકિત સોની વેપારીઓને ત્યાં આઈટી વિભાગની એકસાથે ૩૬ જેટલી ટીમે સર્ચ હાથ ધર્યું હતું. આઈટી દ્વારા શહેરના નામાંકિત બિલ્ડર અને ભાજપના વરીષ્ઠ આગેવાન ગિરીશ શાહના ઘર સહિત વ્યાવસાયિક સ્થળો પર સર્ચ હાથ ધર્યું છે. આવકવેરા વિભાગે સમગ્ર કામગીરી ગુપ્ત રાહે અચાનક શરૂ કરતાં અન્ય મોટા વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. શહેરમાં ગિરીશ શાહની બિલ્ડકોન પેઢી અને આતભાઈ ચોક નજીક બંગલા પર ચેકિંગ હાથ ધરાયું હતું.IT વિભાગે ઉપરાંત ભાવનગરના ઓર્ચિડ બિલ્ડરની શિશુવિહારની ઓફિસ, કમલેશ શાહનો આંબાવાડીનો બંગલે, નજીર કલીવાલાના શિશુવિહારના બંગલે, સિદ્ધિવિનાયક બિલ્ડકોનના સંજય સોનાણીનું શિવાંજલી બિલ્ડિંગ, બિલ્ડર પરેશ વ્યાસ, જેડી ઈન્ફ્રાકોન, ઈસ્કોન મેગાસિટી, મહાબલ ફાઈનાન્સ સહિત અનેક સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. IT વિભાગે વિદેશી રોકાણની સંભાવનાઓને લઈને પણ તપાસ હાથ ધરી છે. ફંડ ક્યાંથી આવે છે ગ્રાહકો પાસેથી કેટલા રોકડા લેવામાં આવે છે ? કેટલા રોકડા ચૂકવવામાં આવે છે આ ઉપરાંત અનેક સોની વ્યાપારીઓ છે, પર્ફ્યૂમ કંપનીઓ અનેક બિલ્ડરોને ત્યાં હાલ ઓપરેશન ચાલુ છે. જોકે હજી આ ઓપરેશનની અંદર કોઈ પાસેથી કેટલી ગેરરીતિ ઝડપાઈ એ સામે આવ્યું નથી. IT દ્વારા કરાયેલ મોટા સર્ચ ઓપરેશનથી રાજ્યમાં બેનાની વ્યવહારો કરતી પેઢીઓ પર તવાઈ બોલાવી છે.

### ટ્રમ્પે ફરી ટેરિફનો મુદ્દો ઊછાળ્યો

# 'ભારત પાસે ઘણા પૈસા, અમે દર વર્ષે ૨૧ મિલિયન ડોલર કેમ આપીએ?'

## DOGE એ કહ્યું હતું કે અમેરિકાએ ભારતમાં મતદાન વધારવા માટે રચાયેલ ૨૧ મિલિયન ડોલર પર કાતર ફેરવી નાખવાનો નિર્ણય કર્યો છે

નવી દિલ્હી, તા.૧૯

ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાં મતદારોને પ્રભાવિત કરવા માટે 21 મિલિયન ડોલરના અમેરિકન ભંડોળને રોકવાના DOGE વિભાગના નિર્ણયનો બચાવ કર્યો. તેમણે ભારત જેવા દેશને આવી મદદ પૂરી પાડવાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે અમે ભારતને બે કરોડ ડોલર કેમ આપી રહ્યા છીએ? તેની પાસે ઘણા પૈસા છે. તે વિશ્વના સૌથી વધુ ટેક્સ વસૂલતા દેશોમાં સામેલ છે. તેમના ટેરિફ પણ ખૂબ ઊંચા છે. મને ભારત પ્રત્યે ખૂબ માન છે પણ મતદાન માટે 20 મિલિયન ડોલર શા માટે ચૂકવવા?ઉલ્લેખનીય છે કે 16 ફેબ્રુઆરીએ ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળના DOGE એ વિવિધ દેશોના ભંડોળને રોકવાની જાહેરાત કરી હતી, જેમાં ભારતમાં મતદાનને પ્રોત્સાહન આપવા માટે 21 મિલિયન ડોલરની રકમનો પણ સમાવેશ થતો હતો. DOGE એ કહ્યું હતું કે અમેરિકાએ ભારતમાં મતદાન વધારવા માટે રચાયેલ 21 મિલિયન ડૉલર પર કાતર ફેરવી નાખવાનો નિર્ણય કર્યો છે. ખરેખર તો અમેરિકા ચૂંટણી દરમિયાન મતદારોની ભાગીદારી વધારવા માટે ભારતને 21 મિલિયન ડોલર આપતું હતું. પરંતુ હવે ભારતને આ ભંડોળ મળશે નહીં. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે ભારતના આકરા ટેરિફ અંગે ઘણી વખત નિવેદનો આપ્યા છે. તેમણે કહ્યું છે કે ભારત એવા દેશોમાંનો એક છે જ્યાં સૌથી વધુ ટેરિફ છે.

### બસપાના ચાર સભ્યોએ ટેકો આપવાની જાહેરાત કરી

# ૨૫ વર્ષ બાદ માંગરોળ નપામાં શાસન કરશે ભાજપ

## હવે માંગરોળમાં પણ ભાજપનું શાસન જોવા મળશે

જૂનાગઢ, તા.૧૯

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામ મંગળવારે જાહેર થયા હતા. રાજ્યમાં ૬૮ નગરપાલિકા અને જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણી યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટીએ ૬૨થી વધુ નગરપાલિકા કબજે કરી છે. હવે ચૂંટણી પરિણામના બીજા દિવસે ભાજપ માટે સારા સમાચાર આવ્યા છે.

જૂનાગઢ જિલ્લાની માંગરોળ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું શાસન ૨૫ વર્ષ બાદ આવવાનું છે. માંગરોળ નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. મંગળવારે આવેલા પરિણામમાં ભાજપ અને કોંગ્રેસને ૧૫-૧૫ બેઠક મળી હતી. જ્યારે બસપાને ૪ અને અપક્ષને બે બેઠક મળી હતી. એટલે કે કોઈપણ પાર્ટી પાસે સત્તા માટે બહુમતી નહોતી. પરંતુ હવે બસપાના ૪ સભ્યોએ ભાજપને ટેકો આપવાની જાહેરાત કરી છે. જૂનાગઢ જિલ્લાના માંગરોળ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ બન્નેને ૧૫, ૧૫ બેઠક મળતા ટાઈ થઈ હતી જેમાં બસપાના ૪ ઉમેદવારે આજે ભાજપને ટેકો આપતા ૨૫ વર્ષ બાદ માંગરોળ નગરપાલિકા મા ભાજપનું શાસન આવશે. ભાજપ દ્વારા સત્તા કબજે કરવા માટે ૪ બસપાના ઉમેદવાર ભાજપને ટેકો આપ્યો હતો.

માંગરોળ નગરપાલિકાની કુલ ૩૬ બેઠકોની ચૂંટણી યોજાઈ હતી જેમાં કોંગ્રેસને ૧૫ ભાજપને ૧૫ બસપાના ૪ અને અપક્ષોને ૨ બેઠક મળી હતી, બસપાના ૪ ઉમેદવારનું સમર્થન મળતા ભાજપનું સંખ્યાબંધ હવે ૧૯ થતા ભાજપ સતાપર બેસવાનું છે માંગરોળ નગરપાલિકામાં બસપા તરફથી ચૂંટાયેલા અબ્દુલ્લા મિયાં સૈયદ, મહમદ મુસા હાજીબા, શકિનાબેન સર્વદી અને શબાનાબેન રાઠોડે ભાજપને ટેકો આપવાની જાહેરાત કરી છે.

### રાજ્યપાલના પ્રવચન અને શોક ઠરાવ સાથે સત્ર શરૂ

# વિધાનસભાનું બજેટ સત્ર શરૂ, કનુભાઈ દેસાઈ બજેટ રજૂ કરશે

## શરૂ થયેલું વિધાનસભાનું બજેટ સત્ર ૧૨ વાગે ગૃહની કામગીરીથી શરૂ થયું હતું

ગાંધીનગર, તા. ૧૯

આજથી ૧૫ મી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થયું છે. રાજયના નાણા વિભાગ દ્વારા આગામી વર્ષ માટે બજેટની સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી ગઈ છે. રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈ આવતીકાલે અંદાજપત્ર વિધાનસભા ગૃહમાં રજૂ કરશે. અત્રે એક વાત યાદ કરવી જરૂરી છે. પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળાનો રેકોર્ડ કોઈ તોડી શકે તેવું દેખાતું નથી. વજુભાઈએ ૧૮ વખત બજેટ રજૂ કર્યુ હતું. આ વખતે બજેટનું કદ રૂપિયા ૩ લાખ કરોડ જેટલુ રહેવાની ધારણા છે. આજથી શરૂ થયેલું વિધાનસભાનું બજેટ સત્ર આજે ૧૨ વાગે ગૃહની કામગીરીથી શરૂ થયું હતું. સૌ પ્રથમ રાજયપાલના સંબોધન બાદ ૧૫ મિનીટનો વિરામ પડયો હતો. વિરામ બાદ રાજયપાલના સંબોધન બાદ રાજયપાલના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ રજૂ થયો હતો. રાજયપાલના આભાર પ્રસ્તાવ બાદ શોક દર્શક ઉલ્લેખોની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ ભારતના પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંહ, કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકી, વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુજરાત ટુરિઝમના પૂર્વ ચેરમેન કમલેશ પટેલ અને નેમજીભાઈ કેમીયાના પરિવારને શ્રધ?ધાંજલી આપતા શોક ઠરાવ પસાર કરવામાં આવશે.

આ સત્રમાં વિપક્ષાની સંખ્યાબળ નથી એટલે સત્રમાં ધાંધલ-ધમાલનો પ્રશ્ન બહુ રહેશે નહી આમ છતાં પોલીસ તંત્રનો બંદોબસ્ત પૂરતો કરવામાં આવી ગયો છે. બીજી તરફ નજર કરીએ તો સત્તાધારી પક્ષના ધારાસભ્યોમાં નારાજગીનુ પ્રમાણ છે. છેલ્લા એક દશકાથી કોઈ બોર્ડ નિગમમાં ચેરમેન અગર ડાયરેકટરની વરણી કરવામાં આવી નથી આની અસર કેવી પડે છે. તે જોવાનું રહ્યું.

### માત્ર ટેક્નિકલ ડિગ્રી નહીં ચાલે, કુશળતા સાબિત કરવી જરૂરી

# અમેરિકાએ H-1B વિઝાના નિયમોમાં કર્યા ફેરફાર

## અરજીમાં તેની બધી લાયકાતોનો ઉલ્લેખ કરી શકાશે પરંતુ તેમાંથી એક લાયકાત સીધી રીતે તેના કાર્ય સાથે સંબંધિત હોવી જોઈએ

વોશિંગ્ટન, તા.૧૯

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી સત્તામાં આવ્યા બાદ અનેક નિયમો બદલવાનું શરૂ કરી દીધું છે. જેમાં અમેરિકાએ H1B વિઝાના નિયમોમાં મોટા ફેરબદલ કર્યા છે. ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા નવા નિયમ હેઠળ H-1B વિઝા માટે માત્ર ટેકનિકલ ડિગ્રી પૂરતી રહેશે નહીં, પરંતુ કુશળતાને ધ્યાને લેવામાં આવશે. એટલે કે, ઉમેદવાર અરજીમાં તેની બધી લાયકાતોનો ઉલ્લેખ કરી શકે છે, પરંતુ તેમાંથી એક લાયકાત સીધી રીતે તેના કાર્ય સાથે સંબંધિત હોવી જોઈએ.

અમેરિકા દર વર્ષે ટેક્નિકલ કર્મચારીઓ માટે આશરે ૬૫ હજાર H-1B વિઝા જાહેર કરે છે. આ હેઠળ ભારત સહિતના અન્ય દેશના લોકો કામ માટે અમેરિકા જાય છે. અત્યારસુધીમાં H-1B વિઝા માટે ગ્રેજ્યુએશનની ડિગ્રી માન્ય ન હતી. પરંતુ હવે તેમાં થોડા ફેરફાર કરવામાં આવ્યા છે.

ઉદાહરણ તરીકે, પહેલા જો તમારી પાસે કોમ્પ્યુટર સાયન્સની ડિગ્રી હોય, તો તમને તેનાથી સંબંધિત કોઈપણ નોકરી માટે H-1B વિઝા માટે લાયક ગણવામાં આવતા હતા, પરંતુ હવે અરજદારોને તેમની ટેક્નિકલ કુશળતા વિશે પણ પૂછવામાં આવશે.

આ એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે, જે સામાન્ય રીતે અમેરિકામાં કામ કરવા જતા લોકોને આપવામાં આવે છે. જેમની પાસે H-1B વિઝા છે તેઓ તેમની પત્ની અને બાળકોને પણ પોતાની સાથે રાખી શકે છે. જો કોઈનો H-1B વિઝા સમાપ્ત થાય છે, તો તે અમેરિકન નાગરિકતા માટે અરજી કરી શકે છે. જોકે તેનો સમયગાળો ત્રણ વર્ષનો છે, તેને ૬ વર્ષ સુધી વધારી શકાય છે.

તાજેતરમાં અમેરિકા દ્વારા H-1B વિઝા અંગે જાહેર કરાયેલા ડેટામાં જાણવા મળ્યું હતું કે, બહાર પાડવામાં આવેલા કુલ H-1B વિઝામાંથી ૨૦ ટકા ભારતીય મૂળની ટેકનિકલ કંપનીઓ દ્વારા મેળવવામાં આવ્યા હતા. જ્યારે યુએસ નાગરિકતા અને ઈમિગ્રેશન વિભાગના ડેટા અનુસાર એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૪ના સમયગાળા દરમિયાન યુએસએ કુલ ૧.૩ લાખ H-1B વિઝા જાહેર કર્યા હતા, જેમાંથી ૨૪,૭૬૬ વિઝા ભારતીય મૂળની કંપનીઓને આપવામાં આવ્યા હતા.

### આર્મી ચીફ જનરલે રાહુલ ગાંધીને આપી સલાહ

# સેનાને રાજનીતિમાં ઢસડસો નહીં : આર્મી ચીફ જનરલ

## આર્મી ચીફ જનરલે જણાવ્યું કે, ચીન સાથે બોર્ડર વિવાદને લઈને અમે વાતચીત આગળ વધારી રહ્યા છીએ

નવી દિલ્હી, તા.૧૯

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે બુધવારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને સલાહ આપતા કહ્યું કે, સેનાને રાજનીતિમાં ન ઢસડો. જો આવુ થયું તો આ ચિંતાની વાત છે. જનરલે જણાવ્યું કે, ચીન સાથે બોર્ડર વિવાદને લઈને અમે વાતચીત આગળ વધારી રહ્યા છીએ. જો અમે એકબીજા સાથે વાત કરીશું તો ઘણીબધી શંકાનું સમાધાન આવી શકે છે. અમારો મત એવો રહ્યો છે કે શંકાઓ કોઈપણ કિંમતે દૂર થવી જોઈએ. આ માટે અમે કોર્પ્સ કમાન્ડરોને શક્ય હોય ત્યાં નિર્ણયો લેવાની સત્તા આપી છે. જો કોઈ મુદ્દો વાતચીત દ્વારા ઉકેલી શકાય તો તે થવો જોઈએ. તેમને આ સત્તા આપવામાં આવી છે કે જો કોઈ બાબત તેમના સ્તરે ઉકેલી શકાય તો તે કરવું જોઈએ. તેના માટે કોઈપણ પ્રકારની મંજૂરીની રાહ જોવાની જરૂર નથી.

રાહુલ ગાંધીના નિવદેન પર જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે, લદ્દાખ સેક્ટરમાં ઘૂસણખોરી થઈ હતી. સેનાને રાજકારણમાં ઢસડો ન જોઈએ. જ્યારે મહિલાઓને પણ દેવી કાલીની જેમ સેનામાં જોડાવવાની ટિપ્પણીને લઈને ફરીથી વાત કરી હતી.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ઝાંસીની રાણી લક્ષ્મી વિશે વાત કરતાં કહ્યું કે, અમે બુંદેલા હરબોલાના મોઢેથી વાર્તા સાંભળી હતી, બહાદુરીથી લડી તે ઝાંસીની રાણી હતી. તમને જણાવી દઈએ કે, મહિલાને સેનામાં શામિલ કરવામાં તેઓ પ્રેરણાદાય રહ્યા. આ દરમિયાન સેના પ્રમુખે હથિયારના વેચાણ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, આપણા અહીંયાથી વિદેશમાં હથિયારને મોકલવામાં આવી રહ્યા છે. જેનું કારણ એ છે કે, હવે હથિયાર બનાવતી કંપનીઓને સરળતાથી લાયસન્સ મળી જાય છે અને છૂટ પણ મળી રહી છે. ભારત લાંબા સમયથી કહી રહ્યું છે કે અમે વાતચીત કરવા ઈચ્છીએ છીએ. પરંતુ જ્યારે જરૂર હશે તો અમે લડાય કરવાથી પાછળ રહીશું નહી. સેનામાં કોઈ જવાન શહીદ થાય છે તો તેમના પરિવારમાં આ અંગે જાણ કરવી તે ખૂબ જ પીડાદાયક હોય છે. જો કે, અમે એક પરિવારની જેમ કામ કરીએ છીએ. સેનામાં એન્જિનિયર, આર્ટી, ઈન્ફેન્ટ્રી સહિત તમામ લોકો એક પરિવાર જેમ હોય છે. આજે પણ, જો અમે કોઈ કાર્યક્રમનું આયોજન કરીએ છીએ, તો શહીદોની પત્નીઓ મોટી સંખ્યામાં આવે છે. જેનાથી ખ્યાલ આવે છે કે અમે એક પરિવારની જેમ કામ કરીએ છીએ.

### BJP ધારાસભ્ય દળે મહિલા નેતાના નામને આપી મંજૂરી

# દિલ્હીમાં નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત, રેખા ગુપ્તાને બનાવ્યા CM

નવી દિલ્હી, તા.૧૯

દિલ્હીને નવા મુખ્યમંત્રી મળ્યા છે. રેખા ગુપ્તાના નામને ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. રેખા ગુપ્તા ગુરૂવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે રામલીલા મેદાનમાં ભવ્ય સમારોહમાં શપથ લેશે. તેમની સાથે કેબિનેટને પણ શપથ ગ્રહણ કરવામાં આવશે. ભાજપ હાઈકમાન્ડે વરિષ્ઠ નેતાઓ ઓપી ધનખર અને રવિશંકર પ્રસાદને ધારાસભ્ય દળની બેઠક માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા હતા.

ભાજપે ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં મોટી જીત હાંસલ કરી છે. ૮ ફેબ્રુઆરીએ જાહેર થયેલા પરિણામોમાં ભાજપને ૭૦માંથી ૪૮ બેઠકો મળી હતી. પરિણામના ૧૧ દિવસ બાદ સીએમના નામની જાહેરાત કરવામાં આવી છે. વિપક્ષ આમ આદમી પાર્ટી (AAP) વિલંબને લઈને સતત સવાલો ઉઠાવી રહી હતી. ચૂંટણીના પરિણામો બાદથી ભાજપમાં સીએમ માટે ઘણા નામો પર ચર્ચા થઈ રહી હતી. પ્રવેશ વર્મા વિશે સૌથી વધુ ચર્ચા થઈ રહી હતી. વર્માએ નવી દિલ્હી બેઠક પરથી આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને હરાવ્યા છે. તેઓ પૂર્વ



સીએમ સાહિબ સિંહ વર્માના પુત્ર છે.

કોણ છે રેખા ગુપ્તા?

- શાલીમાર બાગ બેઠક પરથી જીતેલી રેખા ગુપ્તાએ AAPની વંદના કુમારીને લગભગ ૩૦ હજાર મતોના જંગી અંતરથી હરાવ્યા હતા.
- ભાજપનો મહિલા ચહેરો હોવા ઉપરાંત તેમનું હરિયાણાના જીંદ સાથે પણ કનેક્શન છે.
- તે વિદ્યાર્થીકાળથી જ રાજકારણમાં સક્રિય છે. તે ઘણા વર્ષોથી સંઘ સાથે પણ જોડાયેલા છે.
- ઉત્તર દિલ્હીના પૂર્વ મેયર રેખા ગુપ્તા ભાજપના મહિલા મોરચાના બુલંદ અવાજ છે.
- હાલમાં તે દિલ્હી ભાજપ મહિલા મોરચાની મહાસચિવ છે અને ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં તેની હાજરી તેને પ્રબળ દાવેદાર માને છે.
- ખાસ વાત એ છે કે ભાજપના એકમાત્ર મહિલા મુખ્યમંત્રી બનશે

બીજી તરફ દિલ્હી પોલીસે પણ શપથ ગ્રહણને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. આ પહેલા ૧૧ ફેબ્રુઆરીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ૧૦ નવા ચૂંટાયેલા ધારાસભ્યોને મળ્યા હતા. આ ધારાસભ્યોમાં વિજેન્દ્ર ગુપ્તા, રેખા ગુપ્તા, અરવિંદર સિંહ લવલી, અજય મહાવર, સતીશ ઉપાધ્યાય, શિખા રાય, અનિલ શર્મા અને ડો. અનિલ ગોયલ, કપિલ મિશ્રા અને કુલવંત રાણાનો સમાવેશ થાય છે. શપથ ગ્રહણ સમારોહ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાશે, જેમાં ભાજપના ઘણા વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહેશે. આવતીકાલે સવારે ૧૧ વાગ્યે શપથ ગ્રહણ સમારોહ શરૂ થશે. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોએ સત્તા બદલી નાખી હતી. ભાજપ ૨૭ વર્ષ પછી ૪૮ બેઠકોના પ્રચંડ વિજય સાથે સત્તામાં પાછી ફરી છે.

જયારે ૬૨ બેઠકોને બદલે આમ આદમી પાર્ટી પાસે ફક્ત ૨૨ બેઠકો પર જીત મેળવી શકી હતી. અરવિંદ કેજરીવાલની છઈઁ માટે ચૂંટણી પરિણામો નિરાશાજનક રહ્યા, પરંતુ બે રાષ્ટ્રીય પક્ષો એવા છે જેમના મત હિસ્સાએ પાર્ટી નેતૃત્વને નિરાશ કર્યું.

### સરકારના સહયોગી પક્ષો વચ્ચે મતભેદો હોવાની અટકળો

# શિંદે જૂથના ૨૦ ધારાસભ્યોની વાય-કેટેગરીની સુરક્ષા હટાવાઈ

## ભાજપ અને શિંદે જૂથની વચ્ચે રાયગઢ અને નાસિક જિલ્લાના સંરક્ષક મંત્રીની નિયુક્તિને લઈને વિવાદ પેદા થયો હતો

મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિના સભ્યો વચ્ચે ખટરાગના સંકેતો મળી રહ્યાં છે. મળતાં અહેવાલો અનુસાર રાજ્ય સરકાર દ્વારા શિવસેનાના શિંદે જૂથના ૨૦ ધારાસભ્યોની વાય-કેટેગરીની સુરક્ષા હટાવવામાં આવી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ ધારાસભ્યોની સુરક્ષામાં હવે ફક્ત એક કોન્સ્ટેબલ રાખવામાં આવ્યો છે. જ્યારે, ભાજપ અને એનસીપી(અજિત જૂથ)ના કેટલાક ધારાસભ્યોની સુરક્ષા ઘટાવવાના અહેવાલ સાંપડી રહ્યા છે. જોકે, આ બાબતને લઈને સરકાર કે સંબંધિત ધારાસભ્યોએ પણ કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે શિંદે આ નિર્ણયથી નારાજ છે. સુરક્ષા હટાવવાના આ નિર્ણય પર વિપક્ષોએ પણ વ્યંગ કર્યો છે. શિવસેના(ઉદ્ધવ જૂથ)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ ટ્વીટ કરીને લખ્યું કે, 'મહાયુતિ વેલેન્ટાઈન મહિનો મનાવી રહી છે...નહીં.' જ્યારે શિવસેના ઉદ્ધવ જૂથના સંજય રાઉતે આ મહાયુતિની સરકારમાં ખટરાગ હોવાનો સંકેત આપ્યો છે. આ પહેલા, ભાજપ અને શિંદે જૂથની વચ્ચે રાયગઢ અને નાસિક જિલ્લાના સંરક્ષક મંત્રીની નિયુક્તિને લઈને વિવાદ પેદા થયો હતો. હકીકતમાં, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એનસીપીના અદિતિ તટકરેને રાયગઢના પ્રભારી મંત્રી નિયુક્ત કર્યા હતા, જે એકનાથ શિંદેને પસંદ નથી. આ પદ માટે શિંદે પોતાની પાર્ટીના કોઈને નેતાની નિયુક્તિ ઈચ્છતા હતા, કેમ કે રાયગઢમાં શિવસેનાનો ખૂબ પ્રભાવ છે.

### વિદ્યાસહાયકની ભરતી અંગે મોટા સમાચાર

# વિદ્યાસહાયકની કામચલાઉ મેરીટ યાદી બહાર પડશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં વિદ્યા સહાયકની ભરતીની પ્રતીક્ષા કરી રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૫ની ૭૦૦૦ જગ્યાઓ, ધોરણ ૬થી ૮ની ૫૦૦૦ જગ્યાઓ અને અન્ય માધ્યમથી ૧૮૫૨ જગ્યાઓ એમ કુલ ૧૩૮૫૨ જગ્યાઓ પર વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત આપવામાં આવી હતી. જેની કામચલાઉ મેરીટ યાદી કાલે બહાર પડશે.

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી માહિતી આપી છે કે ધોરણ ૧થી ૫ની ૭૦૦૦ જગ્યાઓ, ધોરણ ૬થી ૮ની ૫૦૦૦ જગ્યાઓ અને અન્ય માધ્યમથી ૧૮૫૨ જગ્યાઓ એમ કુલ ૧૩૮૫૨ જગ્યાઓ પર વિદ્યા સહાયકની ભરતી માટે જે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી તેનું કામચલાઉ મેરીટ આવતીકાલે જાહેર થશે.

જે ઉમેદવારોએ વિદ્યા સહાયક માટે અરજીઓ કરી હતી તેઓ આવતીકાલે એટલે કે ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના બપોરે ૩.૩૦ કલાકે https://vsb.dpegujarat.in પર જઈ આ કામચલાઉ મેરીટ જોઈ શકશે. રાજ્યની પ્રાથમિક શાળાના શિક્ષકોની જિલ્લાફેર બદલીના ઓફલાઈન કેમ્પનો બીજો તબક્કો યોજવાની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા ફેરબદલી અને વધઘટમાં ખાલી પડતી શિક્ષકોની જગ્યા પર જ્ઞાન સહાયકોની ભરતી કરવાની જાહેરાત કરાઈ છે. શિક્ષણ વિભાગે જ્ઞાન સહાયકોની ભરતી માટે મંજૂરી આપી દીધી છે. શાળાઓમાં મંજૂર થયેલું મહેકમની ખાલી પડતી જગ્યા પર જ્ઞાનસહાયકની ભરતી કરવા મંજૂરી આપવામાં આવી છે.

### વધુ એકવાર લોકોની "આસ્થા"નું અપમાન કરવામાં આવ્યું

# અમરેલીમાં ઉદ્યોગપતિ વસંત ગજેરા દ્વારા કરાયું "આસ્થા"નું અપમાન

અમરેલી,તા.૧૯

અમરેલીમાં વધુ એકવાર લોકોની "આસ્થા"નું અપમાન કરવામાં આવ્યું છે એ પણ એક જાણીતા ઉદ્યોગપતિ વસંત ગજેરા દ્વારા. જી હાપ સુરતના જાણીતા ઉદ્યોગપતિનો વિડીયો થયો વાયરલ થયો છે જેમાં તેમણે કહ્યું છે કે કરોડો લોકો નાહક સંગમમાં ન્હાવા જાય છે.ત્યાં ક્યાય ભગવાન છે જ નહિ. ત્યાર બાદ ઉદ્યોગપતિ વસંત ગજેરાનો વિવાદાસ્પદ વિડીયો વાયરલ થયો છે. આપને જણાવી દઈએ પ્રયાગરાજ મહાકુંભ વિષે વસંત ગજેરાએ ટીપ્પણી કરી છે. તેમણે કહ્યું કે ત્યાં લોકો પોતાનો સમય બરબાદ કરી રહ્યા છે બીજું કઈ નહીં. આ જાણીતા ઉદ્યોગપતિના આવા



નિવેદનથી જાણે વિવાદ વધી શકે છે તેવું લાગી રહ્યું છે. અત્યારે પવિત્ર મહાકુંભમાં કરોડો લોકો આસ્થાની ડૂબકી લગાવવા જાય છે ત્યારે તેમની આસ્થાને ઠેસ પોહચાડે તેવું નિવેદન વસંત ગજેરા દ્વારા કરવામાં આવ્યું છે. દેશભરમાંથી લોકો અત્યારે કુંભમાં પવિત્ર સ્નાન કરવા જાય છે. ત્યારે આસ્થા પર ગજેરાના વિવાદિત નિવેદનથી લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. આપને જણાવી દઈએ વસંત ગજેરા મૂળ અમરેલીના વતની છે. જેમનો સો. મીડિયામાં વિવાદિત વિડીયો વાયરલ થયો છે.

વિડીયો વાયરલ થતા બાદ વસંત ગજેરાનું નિવેદન સામે આવ્યું છે જેમાં તેમને કહ્યું છે કે કોઈએ બદઈરાદે તેમનો વિડીયો વાયરલ કર્યો છે. આ વિડિયોનો માત્ર એક ટુકડો જ વાયરલ કર્યો છે તેવું ગજેરા દ્વારા કહેવામા આવ્યું છે. બીજા ટુકડામાં જે આગળનો વિડીયો છે તેમાં હું ભગવાન બધે જ છે તેવું કહું છું.

### પરંપરાગત ખેત પધ્ધતિ છોડી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા

# અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાએ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી

### પ્રાકૃતિક કૃષિથી તૈયાર થયેલ વિવિધ ઉત્પાદિત વસ્તુઓ વિષયક વિગતો મેળવી



અમરેલી, તા. ૧૯

રાજયમાં આગમી પાંચ વર્ષમાં સો ટકા પ્રાકૃતિક કૃષિ સાથે ખેડૂતોને જોડવા માટે મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યુ હતું. આ કડીના ભાગરૂપે રાજયમાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ભગીરથ પ્રયાસો કરવામાં આવ્યા છે. જિલ્લામાં ખેડૂતો પરંપરાગત ખેત પદ્ધતિ છોડી પ્રાકૃતિક કૃષિ તરફ વળી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ એ વર્તમાન સમયની માંગ છે. અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાએ બગસરાના નાના મુંજીયાસર ખાતે નીલકંઠ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી હતી. અમરેલી જિલ્લા કલેક્ટરે પ્રાકૃતિક કૃષિથી તૈયાર થયેલ વિવિધ ઉત્પાદિત વસ્તુઓ વિષયક વિગતો મેળવી હતી. ખેડુતે પ્રાકૃતિક કૃષિલક્ષી વિશેના તેના અનુભવો જણાવ્યા હતા.

રાજયમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન માર્ગદર્શન અને યોજનાકીય સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગેશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરૂરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરૂરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શકી નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા વિવિધ યોજના અન્વયે સહાય ચૂકવવામાં આવે છે.

નાના મુંજીયાસર ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાની પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત વેળાએ બગસરા પ્રાંત અધિકારી નંદા, બગસરા તાલુકા મામલતદારશ્રી પ્રશાંત ભીંડી, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર, ડેપ્યુટીપ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા કર્મયોગીઓ અને ખેડૂતો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### મુંબઈનાં દાતાનાં સહયોગથી

# ભુરખીયા ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા નેત્રયજ્ઞ યોજાયો

### ૧૨૬ જરૂરિયાતમંદોએ લાભ લીધલ



અમરેલી, તા. ૧૯

લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૮૩મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૯/૨/૨૦૨૫ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટય ગોપાલભાઈ ચુડાસમા અને લાયન મનોજભાઈ કાનાણી દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ કેમ્પને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાત ડોક્ટર ડો. દર્શિતભાઈ ગોસાઈ દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની પત્રિકાનું પણ આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં ૧૨૬ દર્દીઓએ લાભ લીધો હતો અને ૪૫ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. જરૂરિયાતમંદ વ્યકિતઓના આંખના નંબર ચેક કરી ૩૦ વ્યકિતઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી, લાયન એમ.એમ.પટેલ, લાયન દિનેશભાઈ સોરઠીયા, લાયન વિનોદભાઈ આદ્રોજા, લાયન સાહસ ઉપાધ્યાય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. દર્શિતભાઈ ગોસાઈ, કિર્તિભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ વગેરે અને તેમની ટીમ તેમજ ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, ટ્રસ્ટી અમરશીભાઈ પરમાર, જીતુભાઈ નિમાવત, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન રૂજુલભાઈ ગોંડલીયાની યાદી જણાવે છે.

# અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રી પર્વની જબ્બરી તૈયારીઓ



અમરેલી, તા. ૧૯

બ્રહ્માકુમારીઝ અમરેલી ધ્વારા મહાશિવરાત્રી પર્વ નિમિતે નૂતન હાઈસ્કુલના વિશાળ ગ્રાઉન્ડમાં અદભુત અમરનાથની ગુફાનું નિર્માણ કરેલ છે. તથા ભારતના ૧૨ જયોતિલિંગના દર્શન ભારતના નકશામાં દરેક રાજય સાથે દર્શનનો લ્હાવો લેવા પધારશો આ મેળો અમરેલીની જનતા માટે તા. ૨૩ થી ૨૬ સુધી રોજ સવારના ૧૦થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી ચાલશે વિનામૂલ્યે લાભ લેવા ઈશ્વરીય નિમંત્રણ છે. આ મેળ ામાં આધ્યાત્મિક જ્ઞાનની સમજુતી, મેડીટેશન ધ્વારા શાંતિની અનૂભૂતિ, ખુશીઓનું સુપર બજાર G Mart કળીયુગી કાંટાના જંગલમાંથી સોનેરી સતયુગી દુનિયાની શેર.. બાળકો માટે ખાસ ગુણ ગમ્મત બાળનગરીની મજા સાથે રોજ રાતના સાંસ્કૃતિક કાર્યક્રમો તો ખરો જ આવા અનેક અવનવા આર્કષણો સાથે આ ભવ્ય અને દિવ્ય મેળાનું ઉદઘાટન અમરેલી શહેરના ગણમાન્ય નાગરીકો ધ્વારા તા ૨૨ ફેબ્રુઆરી શનિવારે સાંજના ૬ વાગે કરવામાં આવશે. ફરી મેળાની મુલાકાત લેવાનું ન ભૂલાઈ.

### સંગીતગુરૂ શાંતિભાઈ જેઠવા અને પરેશ જેઠવાનાં નેતૃત્વમાં

# અમરેલી : વિશારદ ગાયન વાદન પરીક્ષામાં ૧૦ કલાકારોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો

### શહેરનું ગૌરવ વધારવા બદલ શુભકામના પાઠવવામાં આવી રહી છે



અમરેલી, ૧૯

અમરેલી ખાતે આવેલ સુરગંગા સંગીત નૃત્ય વિદ્યાલયમાં તાજેતરમાં લેવાયેલ વિશારદ ગાયન પરીક્ષામાં સંગીતગુરૂ શાંતીભાઈ જેઠવા અને પરેશભાઈ જેઠવાનાં શિષ્યવૃંદે શ્રેણી પ્રાપ્ત કરી સંસ્થા અને અમરેલીનું ગૌરવ વધારેલ છે.

સંગીત વિશારદ ગાયન તથા તબલા વાદન પરીક્ષામાં તૃપ્તિબેન દવે, અંજનાબેન કારીયા, મોનીકા બેન આદ્રેજા, સંગીતા બેન જોષી, કમલેશભાઈ દવે, અમિત વાઘેલા, પ્રિયંકા કાબરીયા, રાહીલ આદ્રેજા, કુંરીંકલ કાબરીયા અને યશ મહેતાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ છે. સૂરગંગા નૃત્ય વિદ્યાલય અમરેલી (સરકાર માન્ય)ના કેન્દ્રમાં તાજેતરમાં લેવાયેલ વિશારદ, ગાયન વાદન (બી.એ. ઈન મ્યુઝિક) પરીક્ષામાં સંગીતગુરૂ શાંતિભાઈ જેઠવા તથા પરેશભાઈ જેઠવાનાં શિષ્યવૃંદે ઉચ્ચતમ શ્રેણી પ્રાપ્ત કરી સંસ્થા તેમજ અમરેલીનું ગૌરવ વધારવા બદલ તમામને અભિનંદન.

### શહેરનાં વેપારીઓ દુકાનો બંધ રાખશે

# રાજુલામાં આગામી બુધવારે મહાશિવરાત્રી પર્વની કરાશે ઉજવણી

### શોભાયાત્રા સહિતનાં કાર્યક્રમો યોજાશે

રાજુલા, તા. ૧૯

વર્ષોથી પરંપરાગત રીતે રાજુલા શહેરમાં મહાશિવરાત્રીની ભવ્યથી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવે છે અને જે ઉજવણીના ભાગરૂપે રાજુલા શહેરના શિવભકત દીપક ઠેકેદાર દ્વારા શિવરાત્રીના દિવસે શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવતું હોય છે પરંતુ આ વર્ષે રાજુલા શહેરમાં વિ હિન્દુ પરિષદ દ્વારા ભવ્યથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે અને જે જન્માષ્ટમીની જેમ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે તેવી રીતે આ શોભાયાત્રા તારીખ ૨૬ ફેબ્રુઆરીના રોજ રાજુલા શહેરમાં મહાશિવરાત્રી હોય ત્યારે મહાશિવરાત્રીના દિવસે આ શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. શહેરના વેપારીઓ અને વિ હિન્દુ પરિષદ દ્વારા મહાશિવરાત્રીના ઉજવણીના ભાગરૂપે શોભાયાત્રા કાઢવાનો નિર્ણય કરવામાં આવેલ છે આ રથયાત્રામાં વિવિધ જાતના ફલોટો તૈયાર કરવામાં આવશે તેમજ કલાત્મક રથ તથા શિવજીની મૂર્તિઓ પણ મૂકવામાં આવશે વિવિધ જુદી જુદી વેશભૂષા સાથે શહેરના માર્ગો પરથી આ શોભાયાત્રા નીકળશે મહાશિવરાત્રીના દિવસે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે આ વર્ષે ફટાકડા તેમજ બહેનો માટે ખાસ રાસ ગરબા સાથે ડી.જે.ની અલગ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે દેશી ઢોલ આધુનિક બેન્ડવાજા સાથે આ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ આ શોભાયાત્રામાં શિવજીની વેશભૂષા પણ ધારણ કરવામાં આવશે રાજુલા શહેરને સંપૂર્ણપણે શણગારવામાં આવશે ભૂદેવનાથ મંદિરેથી એટલે કે એસટી વર્કશોપ પાસેથી આ શોભાયાત્રા પ્રસ્થાન થશે રાજુલામાં શહેરમાં સૌ પ્રથમવાર સોસાયટીમાંથી કોઈપણ જાતની શોભાયાત્રા નીકળી હોય તેવું આ પ્રથમવાર આ શોભાયાત્રાનું આયોજન થતા સોસાયટી વિસ્તારના લોકોમાં આ શિવરાત્રી ઉજવવા ઉત્સાહ જોવા મળી રહ્યો છે રાજુલા શહેરમાં વિ હિન્દુ પરિષદ દ્વારા આયોજન કરવામાં આવતા આ સોસાયટીમાં રહેશો તેમજ વેપારીઓ વિવિધ ધાર્મિક સંસ્થાઓ આગેવાનો વગેરે દ્વારા આ શોભાયાત્રાને ભવ્યથી ભવ્ય રીતે ઉજવાય તેવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમજ સોસાયટીઓને પણ શણગારવામાં આવશે અને આ શોભાયાત્રા કુંભનાથ સુખનાથ મહાદેવ ખાતે પૂર્ણ થશે સાથે સાથે મહા આરતી યોજાશે ગામડાના લોકોને પણ આ શોભાયાત્રામાં જોડાવા માટે વિ હિન્દુ પરિષદના પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ દ્વારા અપીલ કરવામાં આવી છે રાજુલા શહેરમાં મહાશિવરાત્રીને દિવસે યોજાનર શોભાયાત્રાની વિ હિન્દુ પરિષદના યુવાનો ચેમ્બર ઓફ કોમર્સ શિવ રૂદ્ર ગ્રુપ રૂદ્રગણ તેમજ શિવ ઉત્સવ કમિટી તેમજ રાજુલા શહેરની વિવિધ ધાર્મિક સંસ્થાઓ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ત્યારે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી કુંભમેળામાં ત્રિવેણી સંગમ ખાતેથી પાણી લાવશે અને લોકોને આ પાણી પ્રસાદી રૂપી આપવામાં આવશે જે ટ્રેકટરમાં પાણીના માટલા પ્રસાદી રૂપી મુકવામાં આવશે રથયાત્રા પૂર્ણ થયા બાદ શિવતાં દાસ કવિના ઉદાસ એવા દીપક ઠેકેદાર પગપાળા સોમનાથ યાત્રામાં રવાના થશે મહાશિવરાત્રીના દિવસે રાજુલા શહેરમાં વેપારીઓ સંપૂર્ણપણે બંધ રાખશે તેવું વિ હિન્દુ પરિષદના પ્રમુખે યુવરાજભાઈ ચાંદલીયા જણાવે છે.

કયારે આ શોભાયાત્રામાં રાજુલા શહેરના તે મુજબ ગ્રામ્ય વિસ્તારના તમામ લોકોને ખાસ પધારવા જાહેર નિયંત્રણ પાઠવવામાં આવે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજય

# બાબરા પાલિકાનાં પ્રમુખે ભાજપનાં વિજયને આવકારી મતદારોનો આભાર માન્યો

### તમામ ધારાસભ્યો અને સાસંદની જહેમત રંગ લાવી

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં લાઠી ચલાલા રાજુલા અને જાફરાબાદ નગરપાલિકા તેમજ તાલુકા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ તેમજ પેટા ચુંટણીઆ ભાજપનું સુંદર પ્રદશન અને જબરો વિજય થતા બાબરા પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા ખુશી વ્યકત કરી જિલ્લાના મતદાર ભાઈઓ બહેનોનો આભાર વ્યકત કરી વિજેતા તમામ ઉમેદવાર શુભેચ્છાઓ પાઠવી હતી પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપનો ભગવો લહેરાય જતા એ સાબિત થાય છે લોકોને ભાજપમાં પૂર્ણ વિાસ છે કોંગ્રેસના સુપડા સાફ કરી જનતાએ હાસિયામાં ધકેલી દીધી છે સમગ્ર દેશમાં વોટ બેન્કની રાજનીતિ કરતી કોંગ્રેસને જનતા સારી રીતે જાણે છે ભાજપ સરકારમાં જે વિકાસના કામો થયા છે અને આગળ હજુ થશે તેના પર જિલ્લાની જનતાને પૂર્ણ વિશ્વાસ હોવાથી ચૂંટણીમાં પૂર્ણ બહુમતી આપી છે.રાજયના મુખ્ય નાયબ દંડકના વડપણ હેઠળ લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા તેમજ તમામ ધારાસભ્યની આગવી મહેનત અને તેમણે કરેલા વિકાસના કામોના કારણે લોકોએ મત આપ્યા છે તેવું અંતમાં પાલિકા પ્રમુખ દ્વારા જણાવ્યું હતું.

### ધારાસભ્ય કસવાલાની જહેમતથી

# લીલીયા મોટા પંથકનાં ૪ ગામોમાં નવા પંચાયત ઘર બનાવવા ૯૪ લાખ મંજુર

### ગ્રામજનોમાં ખુશીનો માહોલ ઉભો થયો





સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે સતત કાર્યરત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. લીલીયા તાલુકાના ૪ ગામોમાં નવા ગ્રામ સચિવાલય બનાવવા માટે સરકારમાંથી કુલ રૂ.૯૪ લાખ મંજૂર કરાવવામાં આવ્યા છે. જેમાં શેઠાવદર ગામે નવી ગ્રામ પંચાયત ભવન મંજુર થયેલ જયારે સનાળીયા, ભોરીંગડા અને ખારા ગામની ગ્રામ પંચાયતો મંજુર થયેલ હતી, પરંતુ હાલમાં સરકારના નવા ઠરાવ મુજબ રિવાઈઝ મંજુરી આપવામાં આવેલ છે. લીલિયા તાલુકાના ગ્રામીણ વિસ્તારોના વિકાસને વેગ આપવા માટે કસવાલાના પ્રયાસોથી ૪ ગ્રામ પંચાયતોને મંજૂરી મળી છે. આ નવી ગ્રામ પંચાયતોની રચનાથી સ્થાનિક લોકોને વધુ સારી સુવિધાઓ અને સેવાઓ ઉપલબ્ધ થશે. આ અંગેની માહિતી આપતા કસવાલાએ જણાવ્યું હતું કે, અનેક ગામોમાં ગ્રામ સચિવાલય જર્જરિત હાલતમાં હતાં. જેના કારણે ગ્રામજનોને હાલાકીનો સામનો કરવો પડતો હતો. તેથી નવી ગ્રામ પંચાયતોની રચના થવાથી ગામડાઓના વિકાસને નવી દિશા મળશે. ગામના લોકોને જન્મ-મરણના દાખલા, આવકના દાખલા, રહેઠાણના દાખલા જેવા જરૂરી દસ્તાવેજો સરળતાથી મળી રહેશે. આ ઉપરાંત, ગ્રામ પંચાયત દ્વારા ગામના વિકાસ માટે વિવિધ યોજનાઓ પણ અમલમાં મૂકી શકાશે. આ પ્રસંગે કસવાલાએ જણાવ્યું હતું કે તેઓ હંમેશા ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે કાર્યરત રહેશે. વિશેષમાં કસવાલાએ જણાવ્યું હતું કે તેઓ આગામી સમયમાં લીલિયા તાલુકાના અન્ય ગામોમાં પણ ગ્રામ પંચાયતોની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રયાસ કરશે. તેઓ ગ્રામીણ વિકાસ માટે વિવિધ યોજનાઓ લાવવા માટે પણ કાર્યરત છે. નવા ગ્રામ પંચાયત ભવન બનવાથી ગામોના વિકાસને નવી દિશા મળશે અને ગ્રામજનોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવશે. આ વિકાસ કાર્યથી ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારના લોકો માટે વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સચિવાલયની સ્થાપના કરવામાં આવશે. કસવાલાની આ સિદ્ધિ બદલ લીલીયા તાલુકાના લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા છે તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ચાંદગઢ ખાતે જાગૃત હનુમાન મંદિરે થાળ ધરવામાં આવ્યો

અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે પ્રાથમિક શાળાની બાજુમાં બિરાજતા હનુમાનજીદાદા વર્ષો જુના પુરાણા છે. હમણા થોડા સમય પેલા આ દાદાને નિમાવત પરિવાર બાવાજીએ પોતાના દષ્ટિ દેવ તરીકે ગણાવી દાદાનું જાગ્રૃત હનુમાન નામ આપ્યું. આ નિમાવત પરિવાર મુળ અમરેલીનાં ચાંપાથળનાં વતની છે. જેનો પરિવાર હાલ બહાર રહે છે. આ દાદાનું સાનિધ્ય નિમાવત પરિવારને લુવારા અને ઠાસાના ભીખારામ બાપુ અગ્રાવતના પરિચયથી પ્રાપ્ત થયેલ છે. તા.૧૬/૨/૨૫ને રવિવારના રોજ ચાંદગઢ મુકામે નિમાવત પરિવારે દાદાને થાળ ધરી જેની તેના વતન ચાંપાથળમાં સમૂહ પ્રસાદ લીધેલ હાલ આ નિમાવત પરિવારમાં આ દાદા જાગ્રૃત થયા હોવાથી રમેશભાઈ મગનભાઈ નિમાવત તથા ગૌતમભાઈ ગટારામભાઈ નિમાવતે આ દાદાને ''જાગૃત હનુમાન'' તરીકે નામ આપ્યું. હનુમાન દાદની સેવા ચાંદગઢ રામજી મંદિરના પુજારી કરતા હોવાથી આ નિમાવત પરિવારે ધરમદાસ બાપુને સેવા પુજા કરવા જણાવેલ છે. અગાઉથી ભીખુભાઈ નિમ્બાંક પણ દાદાની સેવા કરતા હર્ષદભાઈ ઠાકર પણ સેવા કરતા હતા.

# સાવરકુંડલામાં આવેલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર એટલે ધન્વંતરિ ભગવાનની યજ્ઞશાળા










સાવરકુંડલા ખાતે આવેલ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે આવેલ ગાયનેક વિભાગ એટલે માતૃત્વનો પરિચય આપતી અનોખી યજ્ઞશાળા. બીજા શબ્દોમાં કહીએ તો અહીં આ વિભાગમાં પ્રસુતિગૃહ એટલે પ્રસુતા દર્દી માટે તમામ વર્ગની મહિલાઓ માટે ચોવીસે કલાક ખુલ્લુ રહેતુ પ્રવેશદ્વાર. આ વિભાગમાં અદ્યતન સુવિધાથી સજ્જ પ્રસ્તુતિ ગૃહમાં મેટ્રોપોલિટન સિટીની હોસ્પિટલમાં હોય તેવી તમામ સુવિધાઓથી સભર મેટરનિટી કેર સેન્ટર જ ગણી લો. અહીં આવતી તમામ મહિલાઓ માતૃત્વનો એક અનોખો અહેસાસ લઈને સસ્મિત પોતાના શિશુ સાથે ઘરે પરત ફરે છે. અહીં દાખલ થનાર પ્રસુતાના શબ્દોમાં જ કહીએ તો અહીં દાખલ થતાં જ પોતે માતૃત્વનો સલામત અને અનોખો અહેસાસ લઈને પોતાના શિશુ સાથે પરત ફરે છે. અરે એક પ્રસુતાના સાસુ નીરૂબેનના શબ્દોમાં કહીએ તો 'લલ્લુભાઈ શેઠ હોસ્પિટલ એટલે મસ્ત હોસ્પિટલ.' અહીંની હોસ્પિટલમાં ખાલી પ્રસુતા માટે જ સુવિધા નથી પરંતુ નવજાત શિશુને જન્મ સમયે કોઈ તકલીફ પડી હોય તો આઈસીયુ કેર લેવલ–૩ અને વેન્ટિલેટર સહિતની અત્યાધુનિક સુવિધા વળી માયાળુ કર્મચારીગણ સાથે સતત ચોવીશ કલાક આપની સેવામાં ઉપલબ્ધ હોય છે. અહીં પીડિયાટ્રિક તબીબ નવજાત શિશુની સારવાર અર્થે ૨૪ કલાક ઉપલબ્ધ રહે છે. તો વળી આ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા પણ હોસ્પિટલની ઝીણીમાં ઝીણી બાબત માટે સતત એલર્ટ રહેતા જોવા મળે છે. અને કોઈ પણ પ્રકારના દર્દીઓએ કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સતત પ્રતિબદ્ધ જોવા મળે છે. આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર નથી અને છતાં માત્ર સેવા ભાવથી દર્દીઓને નારાયણનું સ્વરૂપ સમજીને વિનમ્રતાપૂર્વક સેવા કરવામાં આવે છે.

### જાગૃત નાગરિકની માંગ
## નિરાધાર વૃધ્ધોને મળતી સહાયની રકમમાં વધારો કરો
### ૨૪૦૦ની રકમ મંજૂર કરવા માંગ

અમરેલી, તા. ૧૯

ગુજરાત સરકાર તરફથી નિરાધાર વૃધ્ધોને જીવન નિર્વાહ માટે દર મહિને રૂા. ૧૨૦૦/–ની સહાય મળે છે. તેમાં વધારો કરવો જોઈએ. કારણ કે હાલ મોંઘવારી એટલી વધી ગઈ છે. જેથી તેમને મળતી સહાયની રકમ મામુલી ગણાય જેનાથી નિરાધાર વૃધ્ધો પોતાનો જીવન નિર્વાહ કઈ રીતે ચલાવી શકે ? રૂા. ૧૨૦૦/–ને બદલે ડબલ કરી રૂા. ૨૪૦૦/– કરવી જોઈએ. જેથી તેઓ પોતાનો જીવન નિર્વાહ ચલાવી શકે તેવી લીલીયા તાલુકા ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.


### Name has been changed

I hereby declare, **Vaishaliben Sandipkumar Mangroliya.** My old name and Address have changed from **Vaishali Dhanjibhai Dhorajiya** Address 19, Navarang Society Keriya Road Amreli to **Vaishaliben Sandipkumar Mangroliya** whose address street no-1 Jesingpara, Amreli after marriage. So from now on I will be known by this name, and address


### અવસાન નોંધ

**બાબરા :** ઉપેન્દ્રભાઈ દિનકરરાય જાનીના ધર્મપત્ની ભારતીબેન ઉપેન્દ્રભાઈ જાની તે ડો. નૈતિક, ડો. મીરા જાનીનાં માતૃશ્રી તેમજ ધારી નિવાસી સ્વ. ચંપકલાલ લક્ષ્મીશંકર ઠાકરની દીકરી, હર્ષદભાઈ પંકજભાઈ ઠાકરનાં બહેનનું તા. ૧૮/૨/૨૫ મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૨૨/૨/૨૦૨૫ શનિવારનાં રોજ સાંજના ૪ થી ૬ કલાકે દ્વારકેશ સોસાયટી કોમ્યુનિટી હોલ, અમરેલી રોડ, બાબરા ખાતે રાખેલ છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૭૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૩૯ | ૧૨૦૦ |
| ૩ | શિંગ મોટી | ૮૯૦ | ૧૦૭૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૪૦ | ૧૨૫૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૦૦ | ૨૬૦૨ |
| ૮ | બાજરો | ૫૦૧ | ૭૬૧ |
| ૯ | જુવાર | ૮૮૨ | ૧૦૬૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૮ | ૭૦૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૭૮ | ૬૮૭ |
| ૧૨ | અડદ | ૮૬૫ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૮૨૦ | ૧૧૧૬ |
| ૧૪ | તુવેર | ૧૦૫૦ | ૧૫૦૫ |
| ૧૫ | કપાસ | ૮૯૦ | ૧૪૮૭ |
| ૧૬ | એરંડા | ૧૧૯૨ | ૧૨૧૬ |
| ૧૭ | જીરૂ | ૩૪૫૦ | ૪૦૭૦ |
| ૧૮ | રાયડો | ૧૦૦૬ | ૧૦૨૨ |
| ૧૯ | રાય | ૯૦૦ | ૧૦૪૫ |
| ૨૦ | ધાણા | ૯૮૦ | ૧૪૦૫ |
| ૨૧ | ધાણી | ૧૦૦૦ | ૨૬૩૦ |
| ૨૨ | અજમા | ૨૦૩૦ | ૨૦૩૦ |
| ૨૩ | સોયાબીન | ૫૫૦ | ૭૮૧ |
| ૨૪ | મરચા લાંબા | ૩૫૦ | ૨૭૪૦ |
| ૨૫ | કાંગ | ૫૦૦ | ૮૭૦ |

### નોન ટ્રાન્સપોર્ટ વાહન માટે નવી સિરીઝ
## અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ–ઓકશન પ્રક્રિયા થશે

અમરેલી, તા.૧૯

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા નોન ટ્રાન્સપોર્ટ વાહનો માટેની નવી સિરીઝ જીજે ૧૪ એટી ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૨૬/૨/૨૫ સાંજે ૪ વાગ્યાથી તા. ૨૮/૨/૨૫ સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા. ૮/૨/૨૫ થી તા.૨ માર્ચ ૨૫ સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા. ૨/૩/૨૫એ જાહેર થશે.

ઓનલાઈન ઈ–ઓકશન માં ભાગ લેવા માટે અરજદારે https:// parivahan. gov.in./ parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા.

અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુટયુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતાં હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૬ | ૧૪૪૩ |
| ૨ | મગફળી | ૮૫૦ | ૧૦૪૫ |
| ૩ | ચણા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૪ | જુવાર સફેદ | ૭૫૧ | ૮૦૦ |
| ૫ | સોયાબીન | ૭૩૦ | ૭૩૦ |
| ૬ | તુવેર | ૧૦૭૫ | ૧૩૬૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૨૦ | ૧૦૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૦૭૫ |
| ૩ | તલ પીળા | ૨૨૦૦ | ૨૫૫૧ |
| ૪ | તલ સફેદ | ૧૫૫૧ | ૧૮૦૦ |
| ૫ | તલ કાળા | – | ૪૮૮૧ |
| ૬ | જીરૂ | ૩૬૦૦ | ૪૦૦૧ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૪૪૮ |
| ૮ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૪૫ |
| ૧૦ | બાજરો | ૪૫૮ | – |
| ૧૧ | જુવાર | ૫૯૦ | ૮૮૧ |
| ૧૨ | મકાઈ | ૫૫૦ | ૬૩૦ |
| ૧૩ | અડદ | ૭૫૦ | ૧૩૫૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૧૧ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૯૫ | ૧૫૧૧ |
| ૧૬ | તુવેર | ૧૨૫૦ | ૧૪૬૫ |
| ૧૭ | તુવેર લાલ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૮ | એરંડી | ૧૧૦૦ | ૧૨૧૩ |
| ૧૯ | ધાણા | ૧૩૦૦ | ૨૧૨૨ |

પાના ૮ ઉપરનું ચાલું **બગસરા એસ.ટી. ડેપોમાં**

મંદિર અથવા મસ્જિદ અલગ અલગ લોકોને પોતાની આસ્થા મુજબ માથું ટેકવા જવું હોય અને આવા દુર્ગંધ મારતા પાણીને માથે ચઢાવવું પડે છે. ત્યારે ઉગ્ર રોષ સાથે એસ.ટી. વિભાગના અધિકારીઓ ઉપર લોકો ફિટકાર વરસાવી રહ્યા છે. ડેપો મેનેજર પોતાની મનમાની કરી અને લોકોને એનકેન પ્રકારે કોઈ પણ રજૂઆત સાંભળવી એ વાત તો અલગ રહી પરંતુ લોકોને હેરાન કરવામાં જ સમજે છે તેવું લાગી રહ્યું છે. તેમ બગસરાવાસીઓમાં ગણગણાટ જોવા મળી રહ્યો છે.

## આંબાના પાકમાં ભૂકી છારાના રોગ નિયંત્રણ માટે તકેદારીના પગલા ભરવા

અમરેલી, તા. ૧૯

આંબા પાકની ખેતી કરતા ખેડૂતોએ આંબા પાકમાં ફૂલ અવસ્થાએ આવતા ભૂકી છારા રોગના નિયંત્રણ માટે જરૂરી પગલાઓ ભરવાના રહે છે.

આંબા પર મોર આવ્યો હોય તે સમયે ૨૦ દિવસના અંતરે હેકઝાકોનાઝોલ ૫% ઈ.સી. ૦.૦૦૫ ટકા (૧૦ મિલી/૧૦ લિટર પાણી) અથવા પ્રોપીકોનાઝોલ ૨૫% ઈ.સી. ૦.૦૨૫ ટકા (૧૦ મિલી/૧૦ લિટર પાણી) મુજબના છંટકાવ કરવા બાગાયત ખાતા દ્વારા ભલામણ કરવામાં આવે છે, તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.


**સંકુલ ધો. ૬ થી ૮ – સવારની સ્કૂલ & બપોર ની સ્કૂલ**

★ સવારની સ્કૂલ સીટી કન્યા & કુમાર ★ બપોરની સ્કૂલ સીટી & હોસ્ટેલ ગર્લ્સ

★ KG થી ધો. ૧૦ ઈંગ્લીશ મિડીયમ ICSE - GSEB મીશ્ર સ્કૂલ
★ KG થી ધો. ૮ ગુજરાતી મિડીયમ મીશ્ર સ્કૂલ ઉપરાંત ગર્લ્સ સ્કૂલ
★ ધો. ૯ થી ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ
★ ધો. ૧૧ – ૧૨ કોમર્સ સાયંસ – ઈંગ્લીશ મિડીયમ ગર્લ્સ સ્કૂલ

માર્ચ થી નવા પ્રોવિઝનલ પ્રવેશ શરૂ થશે

★ ધો. ૯ થી ૧૨ કોમર્સ સાયંસ – ગુજરાતી મિડીયમ કુમાર શાળા – અલગ બિલ્ડીંગ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢરોડ અમરેલી - Ad 115


### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૩ | ૧૪૧૯ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૫ |
| ૨ | મગફળી | ૯૭૮ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં | ૫૮૫ | ૬૦૩ |
| ૪ | ચણા | ૯૦૫ | ૧૦૭૫ |
| ૫ | સફેદ તુવેર | ૧૧૮૦ | ૧૩૮૦ |
| ૬ | લાલ તુવેર | ૧૧૫૫ | ૧૩૦૦ |
| ૭ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | શીંગ દાણા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૯ | સફેદ ચણા | ૧૦૪૬ | ૧૦૫૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૯૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૭૫ | ૬૦૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૫૦ |
| ૪ | ચણા | ૭૮૫ | ૧૦૫૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૫૦ |
| ૬ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૧૩૫ |
| ૮ | મગફળી | ૭૫૦ | ૯૦૦ |
| ૯ | તુવેર | ૧૨૮૦ | ૧૪૦૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૧૨૦ |

પાના ૧ ઉપરનું ચાલું **ધારીનાં હિમખીમડીપરામાં**

રહેતા સંગીતાબેન મહેશભાઈ વાઘેલા, મહેશભાઈ દુલાભાઈ વાઘેલા તથા મંજુબેન રવજીભાઈ વાઘેલાને ઠપકો આપેલ હોય કે ચંદ્રીકાને કામે ન લઈ જવી હોય તો પહેલા બોલાવા અવાય નહી જેથી આરોપીએ વૃધ્ધા સાથે ઝઘડો કરેલ હતો. બાદમાં વૃધ્ધા તથા તેમના દિકરાની દિકરી ચંદ્રીકા ઘરે આવતા રહેલ હોય. થોડીવાર બાદ આરોપીએ વૃધ્ધાના ઘરે જઈ ચંદ્રીકાને કામે લઈ જવી છે તેમ કહી બોલાવેલ હોય. જેથી વૃધ્ધા ચંદ્રીકાને લઈ આરોપી ઘર પાસે ગયેલ હોય. ત્યાં તમામ આરોપીઓ હાજર હોય તેમણે વૃધ્ધાને જેમફાવે તેમ ગાળો આપતા હોય. જેથી વૃધ્ધાએ ગાળો આપવાની ના પાડતા ધકકો મારી પછાડી દીધેલ તેમજ લોખંડના પાઈપ વડે જમણા પગના ગોઠણનાં ઉપરના ભાગે બે ઘા મારી દીધેલ તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **પ્રતાપભાઈ પોપટભાઈ ધાધલ** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી સુધરાઈ હદમાં, હનુમાનપરા રોડ, સત્યનારાયણ કો.ઓ.હા.સો.
રે. સર્વે.નં. ૨૭૬ પૈકી બીનખેતી પ્લોટ નં. ૬૯
જેના ચો.મી. ૮૯–૨૧
રજી. દસ્તાવેજ નં. ૧૫૫૩ તારીખ : ૨૯/૦૬/૧૯૯૮

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ કેશવલાલ હરીભાઈ પટેલ રહે. જીરાનાં કુલમુખત્યાર ભાઈલાલભાઈ વલ્લભભાઈ વેકરિયા રહે. અમરેલીવાળા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૫/૦૬/૧૯૯૮નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતુ.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૯/૦૨/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ


### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૮ | ૧૪૯૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૦૫ | ૧૦૬૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૭૦ | ૧૦૧૦ |
| ૫ | ચણા | ૧૦૫૨ | ૧૦૮૮ |
| ૬ | ઘઉં | ૫૪૯ | ૬૫૧ |
| ૭ | તુવેર | ૧૨૬૦ | ૧૩૮૦ |
| ૮ | ધાણા | ૧૨૪૦ | ૨૧૦૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૫૦ | ૧૦૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૩ | તલ પીળા | ૨૪૧૦ | ૨૪૭૧ |
| ૪ | કપાસ | ૧૨૩૦ | ૧૪૮૪ |
| ૫ | બાજરો | ૫૦૧ | ૫૭૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૬ | ૭૧૦ |
| ૭ | જુવાર | ૭૫૦ | ૧૦૦૦ |
| ૮ | મકાઈ | ૪૮૨ | ૮૭૧ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૫૧ |
| ૧૨ | ધાણા | ૬૫૦ | ૬૫૦ |
| ૧૩ | સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |
| ૧૪ | રાય | ૯૦૦ | ૧૧૫૧ |




# અનિયમિત બસ ચાલવી કે જુના રૂટ બંધ કરવા સહિતની અનેક સમસ્યાઓ વચ્ચે

# નવી ઉપાધિ : બગસરા એસ.ટી. ડેપોમાં મુસાફરો પર ગંધાતુ પાણી ટપકે છે

**એસ.ટી. ડેપોનાં મેનેજરને રજૂઆત કરવામાં આવી છતાં પણ કોઈ પરિણામ મળ્યુ નહી**

**વિભાગીય નિયામક પણ મુસાફરોની વ્યથા અને ચિંતા સમજવા તૈયાર ન હોય તેવું લાગે છે**

**જનપ્રતિનિધિઓને મુસાફરની સુવિધા માટે કોઈ ચિંતા થતી નથી તે પણ હકીકત છે**

**શહેરનાં કહેવાતા આગેવાનો પણ આમ આદમીની મદદ માટે આગળ આવતા નથી**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા એસ.ટી. ડેપોમાં પહાડ જેવા પ્રશ્નો પરંતુ નિરાકરણ કરવા માટે અમરેલી વિભાગીય નિયામક પણ નિષ્ફળ હોય તેવું લાગી રહ્યું છે.

મળતી વિગત મુજબ તાજેતરમાં છેલ્લા દોઢ માસથી બસ સ્ટેન્ડની અંદર સવારે બસ પકડવા માટે પેસેન્જરસવારથી જ કોઈ પેસેન્જરને પોતાના ધંધા માટે, પોતાની નોકરી માટે બસ પકડવી હોય અથવા તો કોઈને મંદિરે બહારગામ જવું હોય, કોઈને મસ્જિદે, કોઈને દરગાહએ માથું ટેકવા જવું હોય ત્યારે આ બગસરામાં ડેપોની અંદર લેટરીન, ટોયલેટનું ગંદુ પાણી સીધું માથા ઉપર વરસાદના પાણીની ધોડે ધારૂં થતી હોય. ત્યારે બગસરા ડેપો મેનેજર ગઢવી મેડમને અનેકવાર પેસેન્જર દ્વારા રજૂઆત કરવામાં આવેલ છતાં કોઈપણ જાતનું મનમાં ન લીધેલ અને માત્ર ૨૦ રૂપિયાની કપલીન નાખવાથી આ પ્રશ્ન સોલ થતો હોય તો આના માટે પેસેન્જરને હેરાન કરવા ના જોઈએ. આ સવારે ઊઠીને નાઈ ધોઈ ફ્રેશ થઈ લોકો બસ સ્ટેન્ડે જવા નીકળતા હોય ત્યારે તેને આવી દુર્ગંધ મારતા પાણીને માથે ચઢાવવું પડે છે. ત્યારે આ ઉપરાંત કોઈને બહારગામ,

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)